

# અધ્યાત્મ

વર્ષ-૩ ઑક્ટોબર-૧૯૮૧ અંક-૧

## લવાજમ મોકલાવો

'અધ્યાત્મ' માસિકના ત્રીજા વર્ષનો આ પ્રથમ અંક છે. જે ગ્રાહકોનાં લવાજમ સપ્ટે. '૮૧માં પૂરાં થઈ ગયાં છે ને જેઓએ હજુ ત્રીજા વર્ષનું લવાજમ નથી મોકલાવ્યું તેઓને વિનંતી છે કે તેઓ ત્રીજા વર્ષનું લવાજમ મની-ઓર્ડરથી તુરત મોકલાવે.

લવાજમ નહિ ભરેલ ગ્રાહકને હવે પછી અંક નહિ મોકલવામાં આવે તેની નોંધ લેવા વિનંતી છે. લવાજમ મોકલવાનું સરનામું :

નારાયણ હ. જાની તંત્રી 'અધ્યાત્મ'

પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર- ભાવનગર-૧, ૩૬૪૦૦૧

આ ઉપરાંત મુંબઈ, સુરત, વડોદરા, અમદાવાદ, મોરબી, રાજકોટ, ભાવનગર વગેરે શહેરોમાં અધ્યાત્મનું લવાજમ લેવામાં આવે છે. તે ભાઈઓનાં નામ ને સરનામાં સપ્ટે. '૮૧ ના અંકના છેલ્લા પાનાની અંદરના ભાગમાં આપેલ છે. ત્યાં પણ લવાજમ ભરી શકાશે.



પૂ. શ્રી. જ્યોતિર્મયી માતાજી સાથે પૂ. શ્રી યોગેશ્વરજી

# વારસો

[ પ. પૂ. માતાજી જ્યોતિર્મયીના ઉત્તમ સદ્‌ગુણોને બીરદાવતી શ્રીયોગેશ્વરજીની આ નાનીશી કાવ્ય રચના અહીં મૂકી છે. ]

તમારા રક્તકણમાં છળકપટનો લેશપણ ન હતો,
હતો વિશ્વાસઘાત નહીં શ્વસનમાં લેશ માત્ર દગો,
અનૃત અન્યાય કરવાની કરેલી કલ્પનાએ ના,
અનાચારો, અનર્થ હતા તમારી પ્રકૃતિમાં ક્યાં ?
પસીનાનું સદા ખાધું રહીને પૂર્ણ પ્રામાણિક,
કુદૃષ્ટિ તો કરી ના કિન્તુ મતિ ના બગાડી કિંચિત.
સરળતા, સૌમ્યતા શુચિતા સહજતા સાદગી સ્વાશ્રય
સનાતન સ્નેહનો તમને મળેલો વારસો આશ્રય.
તમારા રક્તકણમાં સ્વાર્થનો લવલેશ પણ ન હતો,
હતો વિદ્વેષ ના, ના રાગ ભયનો અંશ ક્યાંય કશો.
બગાડ્યું ના તમે કોનું કરી ના કલ્પના એની,
સુધાર્યું સર્વનું હેતાળ હૈયાની કરી હેલી.
તમોને પામવા માટે અમોને એટલો ગૌરવ,
તમે સરજ્યું સદાયે સ્વર્ગને રગદોળતાં રૌરવ.

શ્રીયોગેશ્વર.

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૩ અંક : ૧ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાંપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| પ. પૂ. માતાજી જ્યોતિર્મયીને શ્રદ્ધાંજલિ | ૩ | સંપાદકો |
| અસંગશસ્ત્રની અનિવાર્યતા | ૪ | શ્રી યોગેશ્વરજી |
| રામકૃષ્ણ કથામૃતના લેખક શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત | ૯ | નારાયણ હ. જાની |
| રૂખીઆની પ્રેરણા | ૧૫ | શ્રી યોગેશ્વરજી |
| માતાજીના પ્રેરક જીવન પ્રસંગો | ૧૮ | શ્રી યોગેશ્વરજી |
| શ્રેયયાત્રા | ૨૩ | ભાઈલાલભાઈ છાટબાર |
| "પ્રકૃતિ અને મનુષ્ય" | ૨૯ | કુ. મધુરિકા ર. જોષી |
| અવશેષોનું વિસર્જન | ૩૩ | શ્રીયોગેશ્વરજી |
| જીવનમાં સંયમનું મહત્ત્વ | ૩૭ | શ્રી મનસુખલાલ એમ. રાઠોડ |
| સહજતાનો માર્ગ | ૧૪ | શ્રી મણિલાલ દવે |
| મહાન ભક્ત રાજા અંબરીષ | ૪૫ | 'ભાગવત પ્રેમી' |
| નહીં પૂછો | ૪૯ | શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલ |
| વિનતિ | ૫૦ | સર્વેશ્વરી |
| પિછાણજો | ૫૧ | ડૉ. અશ્વિન પટેલ |
| **मंगल प्रभातम्** | ૫૨ | ભૂપતરાય મો. ઠાકુર |
| સમૃદ્ધ જીવન | ૫૪ | જે. વી. શાહ |
| નારેશ્વરના પરમ સંત શ્રીરંગ અવધૂતનો કૃપાનુભવ. | ૫૭ | વિજયસિંહ રાણા |
| રામકથા ( ૭ ) | ૬૧ | શ્રી યોગેશ્વર. |


# પ. પૂ. માતાજી જ્યોતિર્મયીને શ્રદ્ધાંજલિ

એક વર્ષ.

પરમ પૂ. માતાજી જ્યોતિર્મયીના પાર્થિવ જીવનની પરિસમાપ્તિને તા. ૪–૮–૧૯૮૧ના રોજ એક વર્ષ પૂરૂં થાય છે. એટલે સ્વાભાવિક રીતે જ જગદંબા સ્વરૂપ એ પૂ. માતાજીને શ્રદ્ધાંજલિ આપવાનું મન–એમનો સ્નેહ ને પરિચય પામેલ વ્યક્તિને થાય એ દેખીતું છે.

પૂ. માશ્રી સર્વેશ્વરીએ પૂ. માતાજી જ્યોતિર્મયીની સ્મશાનયાત્રા પ્રસંગે જે પંક્તિઓ રચેલ, તેમાં શ્રદ્ધાંજલિનો સુંદર ભાવ સમાવિષ્ટ થયેલો છે જ. આ રહી એ સુંદર પંક્તિઓઃ-

જય જય શ્રી જ્યોતિર્મયી માત,<br>
જય જય હે તપસ્વીની માત,<br>
વંદુ તમને વારંવાર.

એ તપસ્વીની મા હતાં, એટલે જ તો પરમ વંદનીય પૂ. શ્રી. યોગેશ્વરજી જેવા મહાપુરુષનો જન્મ એમની કૂખે થયો. કેવલ ભારતીય જ નહિ, પરંતુ સમગ્ર દુનિયાના જે આધ્યાત્મિક સંત પુરુષો થયા છે તેમાં પૂ. શ્રી. યોગેશ્વરજીનું પ્રદાન આવતાં વર્ષોમાં ધ્રુવ તારક સમું બની રહેશે. એમાં કોઇ સંદેહ નથી; કારણ કે તેઓ કોઇ એક દેશ કે કાળના નહિ, પરંતુ સમગ્ર માનવજાત પ્રત્યે અનુકંપિત, એક મહામાનવ છે. એથીજ પૂ. શ્રી. જ્યોતિર્મયી માતાજીના જીવનને લગતા કેટલાક લેખો પ. પૂ. શ્રી. યોગેશ્વરજીની કલમે લખાયેલ આ અંકમાં મૂકયા છે.

પ. પૂ. માતાજી તો એક મુક્તાત્મા જ હતાં. આમ છતાં આપણે સહુ સ્નેહીઓ એમને શ્રદ્ધાપૂર્ણ સ્મરણાંજલિ અર્પીએ –એ આપણી ફરજ બની રહે છે.

**–સંપાદકો**

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો

વર્ષ : ૩ ઓકટોબર-૧૯૮૧ અંક : ૧

## અસંગશસ્ત્રની અનિવાર્યતા

—શ્રીયોગેશ્વરજી

શ્રીમદ્ ભગવદ્ગીતાના પંદરમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને, અને એની દ્વારા સમસ્ત જનસમાજને, એક નવા જ શસ્ત્રના ઉપયોગની ભલામણ કરી છે. એ વખતના, આજના અને સર્વકાળના સંસારને માટે એ શસ્ત્ર ભારે અજાયબીમાં નાખી દે એવું અસરકારક, અવનવું અથવા અનોખું છે, એ શસ્ત્ર કયું છે તે જાણો છો ? અસંગશસ્ત્ર. ભગવાન શ્રીકૃષ્ણે એને વાપરવાની ભલામણ કરતાં કહ્યું છે કે આ સંસારરૂપી વૃક્ષની શાખાઓ ઉપર અને નીચે બધે જ ફેલાયેલી છે. તે શાખાઓ પ્રકૃતિના ત્રણ ગુણોથી ફાલેફૂલે છે. એ વિશાળ સંસારવૃક્ષના આદિ અંતનો તથા રૂપનો તાગ સહેલાઇથી નથી મેળવી શકાતો. એનો પાર પામવાનું કામ અતિશય કપરું છે. કેવળ અસંગશસ્ત્રથી જ એ વૃક્ષનું છેદન કરી શકાય છે. માટે અસંગશસ્ત્રને ધારણ કરીને એને કાપવા કે નિર્મૂળ કરવા માટે તૈયાર થઇ જવું. અસંગશસ્ત્રથી સજ્જ થનારા વિવેકી પુરુષને એ વૃક્ષનો ભય નથી રહેતો.



પરંતુ અસંગશસ્ત્ર એટલે શું ? માણસો કહે છે કે આ શસ્ત્ર તો તદ્દન નવું છે. આ શસ્ત્ર વિશે તો અત્યાર સુધી સાંભળ્યું જ નહતું. બીજાં ઘણાંયે શસ્ત્રોનાં નામ સાંભળ્યાં છે પરંતુ આ શસ્ત્ર તો કોઈ જુદી જ જાતનું લાગે છે ! ગીતાએ વળી આવું શસ્ત્ર ક્યાંથી કાઢ્યું ? બરાબર છે. શસ્ત્ર જુદી જ જાતનું છે તે સાચું છે. છતાં પણ ખૂબ જ ઉપયોગી આવશ્યક અથવા કીમતી છે: તેથી તેનો પરિચય કર્યા વિના નહિ ચાલે. તેની માહિતી મેળવવી જ પડશે. બીજા શસ્ત્રોની જેમ આ અસંગશસ્ત્ર કોઇ યુદ્ધભૂમિમાં લડવા માટે કામ લાગનારું બહારનું શસ્ત્ર નથી, પરંતુ અંદરનું શસ્ત્ર છે. એની ઉત્પત્તિ મનની અંદર થાય છે, અને મનની અંદર જ એનો વાસ હોય છે; કોઇ બહારની યુદ્ધભૂમિમાં નહિ, પરંતુ અંદરની યુદ્ધભૂમિમાં જે સનાતન સંઘર્ષ ચાલ્યા કરે છે તેમાં લડવા માટે એ કામ લાગે છે, મનને દ્વંદ્વોથી મુક્ત કરે છે, અહંતા, મમતા અને આસક્તિના પાશમાંથી છોડાવે છે, શાંતિ આપે છે, પરમાત્મા પરાયણ કરે છે, અને સંસારમાં રહેવા છતાં માણસના અંતરાત્માને સંસારની પ્રવૃત્તિઓથી ખરડાવા નથી દેતું. માણસના મન અને અંતરને એ સંસારથી પર રાખે છે, અને સંસારના સુખાસ્વાદમાં સંતૃપ્ત થઇને ભાન ભૂલીને બેસી રહેતાં બચાવે છે. એની આગળ જીવનની પૂર્ણતાના મૂળભુત ને મહાન ધ્યેયને રજૂ કરે છે એટલું જ નહિ, પણ એ ધ્યેય તરફ આગળ વધવાની પ્રેરણા પૂરી પાડે છે ને શકિત આપે છે. એ શસ્ત્રનો સમ્યક્ ઉપયોગ કરનારની દશા કેવી અનેરી થઈ જાય છે તે જાણો છો ? પેલા પ્રખ્યાત ભકતકવિએ પોતાની એવી જ પ્રસિદ્ધ કાવ્યપંકિતમાં કહ્યું છે કે ‘ અગ્નિને ઉધેઇ ન લાગે, મહામણિને મેલ જોને ’ તેના જેવી. અગ્નિને ઉધેઈની અસર નથી થતી, ને

મહામણિને મેલ નથી લાગતો, તેવી રીતે એ શસ્ત્રના પ્રયોગમાં સિદ્ધહસ્ત થનાર પુરુષને સંસારનો મેલ નથી લાગતો અને સંસારની ઉધેઇની અથવા તો વિકૃતિઓની અસર પણ નથી થતી. એ એમનાથી અલિપ્ત રહે છે. ગીતાના બીજા અધ્યાયની ભાષામાં કહીએ તો એ સ્થિતપ્રજ્ઞ બની જાય છે. ગુરુનાનક એવા પુરુષનો પરિચય આપતા કહે છે કે—

અકલ કલા ખેલત નર જ્ઞાની.
જૈસે નાવ ચલે ચારોં દિશ,
ધ્રુવતારે પર રહત નિશાની,
અકલ કલા ખેલત નર જ્ઞાની,

પાણીમાં નાવ ફાવે ત્યાં ફરે છે. પરંતુ એનું નિશાન ધ્રુવતારા તરફ રહેતું હોય છે, તેવી રીતે અસંગશસ્ત્રવાળો પુરુષ સંસારમાં રહીને અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરતો હોય તો પણ એનું લક્ષ્યસ્થાન એક ઈશ્વરજ રહે છે, એનું મન પરમાત્મામાંજ રહે છે, એની પ્રવૃત્તિઓ પરમાત્માની પ્રસન્નતાને માટે જ થતી હોય છે, એ સંસારના પદાર્થો કે વિષયોમાં બંધાઈ નથી જતો, મોહાંધ નથી થતો, અને પોતાના જીવન ધ્યેયનું તથા પરમાત્માનું વિસ્મરણ પણ નથી કરતો. એવું વિસ્મરણ એ કરીજ નથી શકતો. એ જાણે છે કે સંસાર ગમે તેવો આકર્ષક અને સુખદાયક હોવા છતાં સ્થાયી નથી, પરિવર્તનશીલ છે, અને એક દિવસ એમાંથી ચાલતી પકડવાની છે. એટલે જીવનનો જે સોનેરી સમય મળ્યો છે તે સમય સંસારમાં ભાન ભૂલીને બેસી રહેવાને બદલે, પોતાના ને બીજાના હિતને માટે જ વાપરવો જોઇએ. એવી ઊંડી ને સાચી સમજણથી પ્રેરાઇને તે પોતાની પ્રવૃત્તિઓનું ચક્ર ગોઠવતો હોય છે, અને કાર્યક્રમ પણ એને સહાયક થાય એવી રીતે જ યોજતો હોય છે. સંસારમાં તે જીવે છે અને



વિવિધ વ્યવહારમાં ભાગપણ લે છે, પરંતુ ભ્રાંત બનીને નહિ, તદ્દન તટસ્થ રહીને કે સાક્ષીરૂપ થઇને. જીવનના રહસ્યમય નાટકનો એ કુશળ છતાં સદાયે સાવધ અને અલિપ્ત અભિનેતા બની રહે છે. એના સારા નરસા, સુખદ કે દુઃખદ, અનુકૂળ કે પ્રતિકૂળ પાઠથી પ્રભાવિત થઇને એ ભાન નથી ભૂલી જતો. પરિણામે એ જીવનનો, જીવનના વ્યવહારનો ને સંસારનો સાચો આનંદ લૂંટી શકે છે, અને એનો લાભ લઇને પોતાનું સાર્થક્ય કરે છે.

આટલા સ્પષ્ટીકરણ પછીથી હવે અસંગશસ્ત્રનો અર્થ બરાબર સમજાઈ ગયો હશે એ શસ્ત્રથી થતા લાભનો ખ્યાલ આવ્યો હશે, અને એ શસ્ત્રની ઉપયોગિતા પણ સમજાઇ હશે : અસંગશસ્ત્ર એ બીજું કોઇ જ શસ્ત્ર નથી પણ સંગદોષથી બચાવનારું અનાસકિતનું શસ્ત્ર છે. તેની સ્પષ્ટતા કરવાની હવે બાકી નહિ રહી હોય. માણસ સંસારના જે પદાર્થો, વિષયો, પ્રસંગો તથા સંજોગોની અસર નીચે આવે છે. એની સારી માઠી છાપો એના પર પડયા કરે છે: એ છાપોની પ્રતિક્રિયારૂપે એ સુખી દુઃખી પણ થતો હોય છે, સંકલ્પ ને વાસનાથી યુકત બને છે, અને બંધનોમાં બંધાય છે હર્ષ ને શોક, અહંતા અને મમતા તથા રાગ અને દ્વેષ એને ઘેરી વળે છે. એનું નામ જ વિશાળ શાખાવાળો સુદૃઢ સંસાર. એ જેમ બહાર છે તેમ અંદર પણ છે. અંદર તો એનું મૂળ છે એમ કહીએ તો ચાલે. એ સંસારને નિરર્થક ને નહિવત કરવાને માટે અસંગશસ્ત્રનો પ્રયોગ કરવાનો છે. એ શસ્ત્રના ઉપયોગમાં ક્રમે ક્રમે સિદ્ધહસ્ત બનવાનું છે. એવી સિદ્ધહસ્તતા પ્રાપ્ત કરીને સંસારના સંજોગો, પ્રસંગો, વિષયોને પદાર્થોની પ્રતિક્રિયામાંથી મુકિત મેળવવાની છે. એ પ્રતિક્રયા આપણને ચંચલ

ના કરે, વ્યગ્ર ના બનાવે, આપણી માનસિક સ્વસ્થતા ને શાંતિનો નાશ ના કરી નાખે અને જીવનના પુણ્યમય પ્રવાસના અંતિમ આદર્શની વિસ્મૃતિ ના કરી દે, એ જોવાનું છે. એટલી સિદ્ધિ થઈ જાય એટલે થયું.

એવી સિદ્ધિ કાંઈ ચપટી વગાડતામાં કે સહેજમાં નહિ મળે એને માટે લાંબો વખત લાગશે, અથવા તો એ લાંબા વખતનો એકધારો પરિશ્રમ માંગશે. પરંતુ એનો વિચાર કરીને બેસી રહેવાથી કાંઇ ધારેલો હેતું સરશે કે? અસંગશસ્ત્રમાં સિદ્ધહસ્ત બનવાનું કામ ગમે તેવું કપરું હોવા છતાં મહત્વનું છે, માટે કરવું જ રહેશે સંસારનો સાચો આનંદ એ પછી જ મળી શકશે. આજના જમાનામાં જ્યારે માણસો સંસારમાં ગળાબૂડ ડૂબી રહ્યા છે, અને એમાંના કેટલાક સંસારમાં રહ્યા છતાં એમાંથી ઉગરવાની આશા રાખી રહ્યા છે, ત્યારે અસંગશસ્ત્રની અનિવાર્યતા કેટલી મોટી છે તે તો સહેલાઈથી સમજી શકશો. અસંગશસ્ત્ર જ એમને ઉગારી શકશે, ને સલામત પણ એજ રાખી શકશે, એમાં સંદેહ નથી.

—o—



શ્રી રામકૃષ્ણ પરમહંસના અનન્ય ભક્ત

# રામકૃષ્ણ કથામૃતના લેખક શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત

[ હપ્તો ચોથો ]

—નારાયણ હ. જાની

શ્રી. એમ. હા, ગુરુદેવ. મેં પ્રબોધ ચંદ્રોદય નામનું નાટક હમણાં જ વાંચ્યું છે. તેમાં વિવેકનો ઉપયોગ કરીને સનાતન સત્યની શોધ શી રીતે થાય, તેનું વર્ણન છે.

શ્રી રામકૃષ્ણઃ—બરાબર હું એમ જ કહુ છું-કે વિવેક દ્વારા પરમ સત્યની શોધ શી રીતે થાય. પૈસા વડે કછી વસ્તુઓ ખરીદી શકાય અને સુંદર લાગતા આ શરીરની શું કિંમત છે એનો વિચાર કરો. જો તમે ખરેખર વિવેકવપૂર્ક વિચારો તો સુંદરમાં સુંદર લાગતી સ્રીના શરીરમાં હાડ, માંસ, મેદ કે અન્ય ગંદી વસ્તુઓ સિવાય બીજું છે પણ શું? શું આવી વસ્તુઓના ઉપભોગ ખાતર માણસે ઈશ્વરને ત્યજી દેવાય? હું તો કહું છું કે ઈશ્વરને ભૂલીને માણસ કયી રીતે જીવી શકે?

શ્રી. એમ. ગુરુદેવ, શું ઈશ્વરને કોઈ ખરેખર જોઈ શકે?

શ્રી. રામકૃષ્ણ:—અવશ્ય-જરૂર તમે જોઈ શકો. અને એને જોવા માટે તમારે આ પ્રમાણે કરવું જોઈએ. થોડા થોડા સમયના અંતરે એકાંતમાં વાસ કરો. એના નામનું અને એના મહિમાનું રટણ કરો. અને નિત્ય અને અનિત્ય વસ્તુઓ વચ્ચેનો ભેદ વિવેકપૂર્વક સમજો.

શ્રી. એમ:—માણુસના મનની સ્થિતિ કેવી થાય ત્યારે એને ઈશ્વરનું દર્શન થાય ?

શ્રી. રામકૃષ્ણુ:—તલસાટપૂર્ણ હૃદયથી એને પોકારો અને તમને એનું દર્શન થશે. આ દુનિયામાં માણુસો ઘડો ભરાય એટલાં આંસુ પોતાની સ્ત્રી અને બાળકો માટે સારે છે. અને ધન કે સંપત્તિ માટે નદી ઉભરાય એટલાં આંસુ વહાવે છે. પરંતુ ઈશ્વર માટે કોઈ એક આંસુ ય સારે છે ખરૂં ? પ્રેમાર્દ્ર અને વિહ્વલ હૃદયે એને પોકારો.

આ પછી તેઓએ એક ભજન ગાયું જેનો ભાવાર્થ કંઈ આવો હતો.

‘ઓ મારા મન, તું વિરહમાં ઝૂરતા હૃદયથી મા કાળીને પોકાર, એટલે તે તારાથી દૂર નહિ રહી શકે. જ્યારે બાળક માને પોકારતું હોય ત્યારે મા ક્યાં સુધી એનાથી અળગી રહી શકવાની ? મા કાળી ક્યાં સુધી પોતાની જાતને દૂર છૂપાવી રાખી શકશે ?

“ અરે ઓ મારા મન ! તું કેવલ એક માને જ શોધ. બિલીપત્ર ને સુગંધી પુષ્પોને ચંદન લગાવી–અરે ભક્તિરૂપી ચંદનથી, અર્ચિત કરીને માના ચરણોમાં અર્ઘ્ય ધરી દે. ”

પછી રામકૃષ્ણે વાર્તાલાપના અનુસંધાનમાં કહ્યું:

ઈશ્વર માટેનો તલસાટ એ તો ઉષાના આગમન સમાન છે. સૂર્ય ઉગતાં પહેલાં ઉષા પ્રકટવાનીજ. ઈશ્વર માટેની ભૂખ જ્યારે તીવ્ર બને છે, ત્યારે એનું દર્શન અવશ્ય થાય છે.



“ લોભી માણુસો પોતાની સંપત્તિને ચાહે છે. મા બાળકને ચાહે છે અને પતિવ્રતા નારી પોતાના પતિને પ્રેમ કરે છે. આ ત્રણેના પ્રેમ જેટલો ઉત્કટ પ્રેમ જો તમને ઈશ્વર-માં થઇ જાય તો નક્કી સમજજો કે તમને તેનું દર્શન થવાનું.”

પછી ઉદાહરણુ આપતાં ઉમેર્યું કે બિલાડીનું બચ્ચું એની મા એને જ્યાં મૂકે ત્યાં રહે છે અને જરૂર પડે ત્યારે, “ મ્યાઉં મ્યાઉં ” કરી પાછું માને પોકારે છે. એને બીજી કાંઈ ખબર નથી કે એણે શું કરવું જોઇએ. અને જ્યારે એની મા સાંભળે છે–પછી ભલે ને એ ગમે ત્યાં હોય,–પરંતુ તે બચ્ચા પાસે દોડી આવે છે. એટલે તમે પણ એ બચ્ચાની જેમ ઈશ્વરને પ્રેમપૂર્વક પોકારતાં શીખો.

પાંચમી માર્ચ ને રવિવારનો દિવસ હતો. શ્રી. મહેન્દ્ર નાથ ગુપ્ત એમના મિત્ર નેપાલ સાથે, બારાનગરથી સાંજે ૪ વાગે દક્ષિણેશ્વરના મંદિરના બગીચામાં આવી પહોંચ્યા. એમણે શ્રી રામકૃષ્ણદેવને એમના ઓરડામાં એક નાના કોચ ઉપર બેઠેલા જોયાં. ઓરડો લોકોથી ખીચોખીચ ભરેલો હતો. રવિવાર હોવાથી, ઘણા બધા ભક્તો સમય કાઢીને કે નવ-રાશના સમયને લીધે ગુરુદેવના દર્શને આવેલા. હજુ શ્રી. મહેન્દ્રનાથને તેઓમાંના કોઇ સાથે વ્યક્તિગત પરિચય થયો ન હતો. એમણે એક ખૂણામાં પોતાની બેઠક લીધી. શ્રી. રામકૃષ્ણદેવ ભક્તો સાથે હસી હસીને વાતો કરી રહ્યા હતા.

તેઓએ ઓગણીસેક વર્ષના યુવાનને ખાસ સંબોધીને શબ્દો કહ્યા. જ્યારે ગુરુદેવે એની સામે જોયું ત્યારે એ ખૂબ રાજી થયો. એ યુવાનનું નામ નરેન્દ્ર હતું. તે વિદ્યાર્થી હતો અને બ્રહ્મોસમાજની ધાર્મિક પ્રાર્થનાઓમાં જતો. એ

જ્યારે બોલ્યો ત્યારે તેના શબ્દોમાં જુસ્સો વરતાતો હતો. એની આંખો તેજસ્વી અને ચહેરો ભક્તનો લાગતો હતો.

શ્રી રામકૃષ્ણઃ-( નરેન્દ્રને) અરે, નરેન્દ્ર, દુન્યવી માણસો ઈશ્વરના ભક્ત વિષે ઘણીય ખરાબ વાતો કરતા હોય છે. એ માટે તારૂં શું મંતવ્ય છે ? પરંતુ તું જાણતો હોઈશ કે જ્યારે હાથી ચાલ્યો જતો હોય છે ત્યારે એની પાછળ ઘણાં બધાં કુતરાં ભસતાં હોય છે છતાં હાથી કદી પાછો ફરી જોતો પણ નથી. તારે માટે લોકો ખરાબ બોલે તો તને શું લાગશે ? જરા કહેતો.

નરેન્દ્રઃ-હું તો મારી જાતને કહું કે કુતરાઓ ભલેને ભસે.

શ્રી રામકૃષ્ણઃ-(હસીને) અરે ભાઈ, તારે એટલા બધા આગળ વધી જવાની જરૂર નથી. (બધા હસવા માંડે છે.)

બધા જીવોમાં ઈશ્વર રહેલો છે. આમ છતાં કેવળ સારા માણસો સાથેજ અંગત સંબંધ બાંધો. જે દુષ્ટ લોકો છે તેમનાથી આઘા રહો. ઈશ્વર તો વાઘ જેવા હિંસક પ્રાણીમાં પણ રહેલો છે. એનો અર્થ થોડો એવો છે કે એને ગળેય જઈ વળગવું ! ( બધા હસવા માંડે છે ) તમે કદાચ દલીલ કરશો કે જો વાઘમાં પણ ઈશ્વર છે તો પછી મારે શા માટે એનાથી દૂર ભાગવું જોઈએ ? એનો જવાબ એ છે કે " જેઓ એનાથી દૂર ભાગવાનું તમને કહે છે, એમને પણ તમારે શા માટે ન સાંભળવા જોઈએ ! તેઓ પણ ભગવાનનાંજ સ્વરૂપો તો છે.

આનું એક ઉદાહરણ આપું.

કોઈ એક જંગલમાં એક સંત પુરુષ રહેતા હતા. એમને



ઘણા બધા શિષ્ય હતા. એમણે શિષ્યોને શીખવ્યું કે " દુનિયાનાં બધાંજ પ્રાણીઓમાં ઈશ્વર રહેલો છે, એમ સમજી દરેકને પ્રણામ કરવા " એક દિવસ એવું બન્યું કે એક શિષ્ય જંગલમાં સમિધનાં લાકડાં લેવા ગયેલો. જ્યારે એ લાકડાં એકઠાં કરી રહ્યા હતો ત્યારે મોટીબૂમ સંભળાઇ કે " એક ગાંડો હાથી આવી રહ્યો છે. રસ્તામાં જે હોય તે આઘા ખસી જાય. " આ સાંભળી બીજા બધા તો આઘા દોડી ગયા. પરંતુ આ શિષ્ય તો હતો ત્યાંજ ઊભો રહ્યો. એણે મનમાં વિચાર્યું કે આ હાથી પણ ભગવાનનું જ સ્વરૂપ છે પછી મારે શા માટે એનાથી બીને દૂરં ભાગવું જોઈએ ? આથી એ ત્યાંજ ઊભો રહ્યો અને હાથીને પ્રણામ કરી ભગવાનનો મહિમા ગાવા લાગ્યો. આ જોઈ મહાવતે જોરથી બૂમ પાડી. " અલ્યા એ આઘો જા, આઘો જા, " છતાંય શિષ્ય તો પોતે હતો ત્યાંથી જરાયે આઘો ન ખસ્યો આખરે ગાંડા હાથીએ એને સૂંઢમાં પકડી, ઉછાળી દૂર ફેંકી દીધો; ને તે પછી આગળ ચલ્યો ગયો.

શિષ્યને આ પછાડથી ખૂબ છોલાઈ ગયું ને તે ખૂબ ઘવાવાથી બેભાન થઈ જમીન પર પડીગયો. ગુરુને આની જાણ થતા, તેઓ બીજા શિષ્યો સાથે ત્યાં આવી પહોંચ્યા. ને એને ઉચકીને આશ્રમમાં લઈ ગયા. થોડી સારવારને અંતે તેને કળ વળી અને તે ભાનમાં આવ્યો ત્યારે કોઈ કે એને પૂછ્યું. " તમે જ્યારે ગાંડો હાથી આવે છે એમ બૂમ સાંભળી, ત્યારે ત્યાંથી દૂર કેમ ન નાસી ગયા ! " એણે જવાબ આપ્યો " ગુરુદેવે આપણને શિખવ્યું છે કે માનવ, પ્રાણી કે અન્ય જીવોમાં એક ભગવાનજ રહેલો છે, એટલે હાથીના સ્વરૂપમાં રહેલા ભગવાનને મેં આવતા જોયા એટલે હું એનાથી નાસી ન

ગયો."

આ સાંભળી ગુરુએ કહ્યું, "હે વત્સ, એ સાચું કે હાથીના સ્વરૂપમાં રહેલા ભગવાન આવી રહ્યા હતા. પરંતુ મહાવતના સ્વરૂપમાં રહેલા ભગવાનેયે તો તને આઘા ખસી જવાની ચેતવણી આપી. તેં એ શા માટે ધ્યાનમાં ન લીધી ! મહાવતના સ્વરૂપમાં રહેલા ભગવાનની વાત પણ સાંભળવી જોઈએ ને ! (બધા હસી પડે છે.) (ક્રમશઃ)

ધીરે ધીરે માણસે પોતાના મનને શાંત કરવા પ્રયત્ન કરવો. મનની વિશુદ્ધિ વાસ્તે યોગ છે યોગ જીવનને નિર્મળ બનાવે છે, જ્યારે ભોગ મલિન બનાવે છે.

*

આત્માનું શુદ્ધિકરણ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે સાક્ષાત્કાર થાય છે. જ્ઞાન અને યોગનો સમન્વય કરતા આત્માનો સાક્ષાત્કાર થાય છે.



# રૂખીબાની પ્રેરણા

શ્રી. યોગેશ્વર

માતાજીનાં માતા રૂખીબા અથવા રૂક્મણી ખરેખર પુણ્યાત્મા હતાં. એમનું ભણતર તદ્દન ઓછું-નહીં બરાબર હતું. પરંતુ ગણતર અસાધારણ—જીવનની મહાશાળામાંથી એમણે પોતાની વિવેકવતી વૃત્તિને ઉઘાડી રાખીને વિભિન્ન પ્રકારના પદાર્થપાઠો ગ્રહણ કરેલા. એમને લીધે એમનું હૃદય સત્યપરાયણ, ઉદાર, વિશાળ, પરહિતપરાયણ અને અન્ય પ્રત્યેની સહાનુભૂતિસંપન્ન બનેલું.

એ અંગત રાગદ્વેષ, અહંતા, મમતા તથા દુન્યવી આસક્તિમાંથી સર્વથા મુક્ત બની ગયેલાં.

એમના અંતકાળના દિવસોમાં મને એમની પાસે રહેવાનું અને એમના તત્કાલીન જીવનપ્રવાહનું નિરીક્ષણ કરવાનું સુરદુર્લભ સદ્ભાગ્ય સાંપડેલું.

એ વખતનો એક વિરલ, અતિવિરલ, પાવન પ્રસંગ મને યાદ આવે છે.

રૂખીબાના સ્થૂળ શરીરના પરિત્યાગને એકાદ બે દિવસ જ બાકી રહેલા. એમનું શરીર છેલ્લા કેટલાક દિવસોના તાવને લીધે એકદમ અશક્ત બની ગયેલું. એ વખતે જુદા-જુદા માણસો એમને મળવા માટે આવતા, રૂખીબા શારીરિક અસ્વસ્થતાને લીધે સૌની સાથે ઈચ્છાનુસાર મુક્તરીતે વાતચીત નહોતાં કરી શકતાં તો પણ સૌને પ્રેમપૂર્વક મળતાં અને આવશ્યકતાનુસાર ખબર અંતર પૂછતાં.

એમની આગળ એમની ખબર કાઢવા આવેલાં કેટલાંક સંબંધીઓ બેઠેલાં ત્યારે એમણે સંવેદનશીલ સ્વરે છતાંપણ

સંપૂર્ણ શાંતિપૂર્વક કહ્યું. "મારી ખબર કાઢવા માટે લગભગ બધાં જ આવી ગયાં પરંતુ પેલી બેન હજુ સુધી નથી આવી. એને બોલાવી લાવો ને કહો કે એને માટે મારા મનમાં કશું જ નથી. એ અહીં આવવામાં સહેજ પણ સંકોચ ના રાખે."

રૂખીબાને એ બેન સાથે સારો સંબંધ ન હતો. એ બેન કોઈક કારણે એમની સાથે બોલતી પણ ન હતી.

એને માહિતી મળી અને કેટલાકે આગ્રહ કર્યો એટલે એ બેન રૂખીબા પાસે આવીને ઘરના બારણાની બહાર ઊભી રહી.

રૂખીબાએ એને પથારીમાં સુતાં સુતાં જોઈને પ્રેમથી બોલાવીને કહ્યું : "બહાર શા માટે ઊભી છે? અંદર આવીને બેસ. મનમાં કોઈ જાતની કડવાશ ના રાખીશ. મારા મનમાં તારે માટે કશી કડવાશ નથી. હું હવે વધારે જીવવાની નથી. જવાની છું. જતી વખતે મારે કોઈની સાથેની દુશ્મનાવટને સાથે બાંધી નથી જવી. કડવાશ કાઢી નાખીને જવું છે. આપણી વચ્ચે કશો જ ઝઘડો નથી."

રૂખીબાના ઉદ્‌ગારોની એ બેન પર અદ્‌ભુત અસાધારણ અસર પડી. એ બેન અંદર આવીને એમની આગળ બેઠી. બંનેની વચ્ચેનો પડદો દૂર થઈ ગયો. એ બેન એમના પ્રત્યે પ્રેમ રાખતી થઈ.

પછી રૂખીબાએ શાંતિથી આંખ મીંચી.

માતાજી એ પ્રસંગને યાદ કરીને અવારનવાર કહેતાં કે "રૂખીબા એવાં અલૌકિક હતાં. એમના જીવનમાંથી પ્રેરણા મેળવીને મારે પણ કોઈના પ્રત્યે કડવાશ, તિરસ્કાર, શા માટે રાખવો જોઈએ? મારે પણ કશું સાથે નથી લઈ જવાનું. પાછળ શુભ જ છોડી જવાનું છે. સાથે પણ શુભ



જ લઈ જવાનું છે. પ્રભુને પ્રાર્થના કરું છું કે મારા મનમાં કોઈને માટે દુર્ભાવના જાગે. સૌને માટે સદ્‌ભાવ જ રહે. સૌને પ્રેમભાવે જ પેખું. ઈશ્વર મારી રહી સહી અજ્ઞતા ને જડતા દૂર કરે ને મને પરમાત્મભાવમાં પ્રતિષ્ઠિત કરે."

માતાજીની એવી અંતઃકરણ પૂર્વકની પ્રાર્થના પ્રભુએ સાંભળી હતી. એથી તો એમના દિલમાં સૌને માટેનો પવિત્ર પ્રેમપ્રવાહ પ્રાદુર્ભાવ પામેલો. એ સૌને ચાહી શકતાં ને સૌના શ્રેયના વિચારો સેવતાં.

પોતાની માતાનો પેલો પાવન જીવનપ્રસંગ એમને માટે પ્રેરણાની સનાતન સામગ્રી બનેલો.


સંત પુરુષોનો સમાગમ, સેવા ને તેઓના ઉપદેશોનું જીવનમાં આચરણ માણસને આત્મિક માર્ગે આગળ લઈ જાય છે ને સમય જતાં, 'સ્વ'નો સાક્ષાત્કાર કરવાને સમર્થ બનાવે છે.

શ્રી યોગેશ્વરજી

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

શાંતિભાઈ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં ઘર : ૨૮૨૧૪ ઑફિસ : ૨૫૯૧૭

# માતાજીના પ્રેરક જીવનપ્રસંગો

શ્રી યોગેશ્વરજી

## ભ્રાતૃપ્રેમ

સ્વાનુભવસંપન્ન સત્પુરુષો સંસારને માટે "લાકડાના લાડુ" શબ્દપ્રયોગ કરે છે. એ પ્રસંગોપાત હસતાં હસતાં કહે છે કે લાકડાના લાડુ છે જે ખાય છે તે પણ પસ્તાય છે કારણ કે એમના દાંત ભાંગી જાય છે. અને જે એ લાડુને નથી ખાતા એમનો આસ્વાદ નથી લેતા તે પણ પસ્તાય છે. કે અરેરે, આપણે તો રહી ગયા. લાડુને ખાધા જ નહીં. એમને ખબર નથી હોતી કે એ લાડુ સત્ય નથી પણ લાકડાના છે. એમને કોઈક સ્વાનુભવ સંપન્ન સત્પુરુષો દ્વારા કહેવામાં આવે છે. તો પણ એમના માનવામાં નથી આવતું. એમની અનુભવ-વાતને એ ખોટી માને છે ને હસવામાં ઉડાડી મૂકે છે. સ્વાનુભવસંપન્ન સત્પુરુષોનો સંસારને માટેનો એવો શબ્દપ્રયોગ અનેક સાચો માને છે. સંસારનું સ્વરૂપ એક સરખું નથી હોતું. એની રચના ત્રિગુણાત્મિકા પ્રકૃતિમાંથી થયેલી હોઈને, એમાં સત્ય, રજ, તમનું સંમિશ્રણ જોવા મળે છે. માનવને એમાં અનેકાનેક વિરોધાભાસી વિપરીત અનુભવોનો અથવા સંજોગોનો સામનો કરવો પડે છે. યોગીરાજ ભર્તૃહરી પોતાના પ્રખ્યાત વૈરાગ્યશતકમાં લખે છે તેમ સંસારમાં ક્યાંક પ્રસન્નતાને પ્રગટ કરવા માટે વીણાનાદ થતો સંભળાય છે. તો ક્યાંક હાનિ, વ્યાધિ, વિષમતા તથા મૃત્યુને લીધે હાહાકાર, પીડા, પોકારો અને આક્રંદો દેખાય છે. ક્યાંક રમ્યા રામા તો ક્યાંક વૃદ્ધાવસ્થાથી લથડી ગયેલા શરીરવાળી સ્ત્રીનું દર્શન થાય છે. ક્યાંક નીરસ શુષ્ક



ભોજનની સામગ્રી જોવા મળે છે. તો ક્યાંક પવિત્ર પ્રસન્નતા પ્રદાન કરનારા પકવાનો દેખાય છે. એટલે સંસાર સુખમય છે કે દુઃખમય, અમૃતમય છે કે વિષમય, આનંદનું અમર ક્રીડાંગણ છે કે શોકનું શાશ્વત સ્મશાન એ સમજાતું નથી.

આપણે કહીએ છીએ કે સંસાર તમારે માટે કેવો બનશે. સુખમય કે દુઃખમય, શાંતિકારક કે અશાંતિપ્રદાયક તે તમારા પર આધાર રાખે છે. તમે ધારો તો બીજાના જીવનમાં પણ જ્યોતિ જગાડી શકો છો ને સુખશાંતિના પુણ્યપ્રભાતને પ્રગટાવી શકો છો, ધારો તો એથી ઊલટું પણ કરી શકો છો.

માતાજીના જીવનમાંથી આપણને એવી દીક્ષા મળે છે.

સાંસારિક જીવનમાં સામાન્ય રીતે દેખાય છે તેમ એમના જીવનમાં પણ વિઘ્નો, વિરોધો, વિષમતાઓનું દર્શન થતું. એમનો સાંસારિક જીવનપંથ ધાર્યા જેટલો સરળ, સુમનસુવાસિત નહોતો. તો પણ એ પોતાના મનોબળને સાચવીને મનને બને એટલું સ્વસ્થ, સ્થિર, સાત્ત્વિક ને શાંત રાખતાં. વિષ ઠાલવનારની સામે વિષ ઠાલવવાનો એનો સ્વભાવ ન હતો. દ્વેષને બદલે પ્રેમ કરવાનો અને અપકારનો બદલો ઉપકારથી વાળવાનો સ્વભાવ એમને વારસામાં મળેલો.

એ જ્યારે હિમાલયમાં મારી સાથે રહેવા માટે નહોતાં આવ્યાં અને વૈધવ્યદશા દરમિયાન ઘરમાં રહેતાં હતાં ત્યારે, એમને શ્વસુરપક્ષના સંબંધીઓ સાથે કર્મસંબંધ પ્રમાણે સારું નહોતું. અને વધુમાં એમના મોટાભાઈની સાથે પણ મીઠો સ્નેહયુક્ત સંબંધ નહોતો રહ્યો. આરંભમાં તો એમની સાથેનો સંબંધ ખૂબ જ મીઠો ને સારો હતો, પરંતુ

પાછળથી એમની ભાભીના વિકૃત વ્યવહારથી કહો કે કર્મ સંજોગો પ્રમાણે અન્ય કોઈપણ કારણથી કહો પણ એ સંબંધ વિપરીત બનેલો, અને બોલવાનો સામાન્ય સંબંધ પણ નહીં રહેલો.

ભાઈ ગમે તેવો સૂકો કે પ્રતિકૂળ સંબંધ રાખે ને બેન પ્રત્યે લાગણી રાખે કે ના રાખે, તો પણ બેનના હૃદયમાં ભાઈ પ્રત્યે મોટે ભાગે સ્નેહભાવ અને ભાઈ પ્રત્યેની કલ્યાણભાવના રહેલી હોય છે. બેન કદી પણ ભાઈનું અમંગલ નથી ઈચ્છતી. માતાજીના સંબંધમાં પણ એ વાત સાચી ઠરી. એમના મોટાભાઈ રામશંકરને માટે એમના અંતરમાં હંમેશાં કુણી ને મીઠી લાગણી રહી. રામશંકર મોટે ભાગે નોકરી નિમિત્તે બહારગામ જ રહેતા. જીવનના છેલ્લા દિવસોમાં એમને ક્ષય રોગ લાગુ પડવાથી એ ઘેર આરામ માટે આવ્યા. ક્ષયરોગ એ વખતે અસાધ્ય અને જીવલેણ મનાતો. એ રોગ જેને લાગુ પડતો તે અને બીજા બધા પણ, સમજી જતા કે રોગી હવે વધારે વખત સુધી નહીં જીવે. રામશંકરની આશા પણ સૌ કોઈએ છોડી દીધી. રામશંકર પોતે પણ સમજી ગયા કે મારું જીવન હવે અસ્તાચલ પર પહોંચવાની તૈયારીમાં છે. પ્રશ્ન કેવળ ગણ્યા ગાંઠ્યા દિવસોનો જ છે. મહિનાઓ કે વરસોનો નથી.

રામશંકર અસ્વસ્થતાને લીધે પથારીમાં જ પડયા રહેતા.

માતાજીને એમની અસ્વસ્થતાના સમાચાર એક અથવા બીજી રીતે મળતા રહેતા. ભાઈને મળવાની ઈચ્છા એમને થયા કરતી. ભાભી જોતાં વેંત જ ગાળો દેતાં. ભાઈ પણ સ્નેહથી બોલાવે એવી કશી શકયતા નહોતી. તો પણ એમનો



વિશુધ્ધ ભગિની પ્રેમ ઉછળવા માંડયો. એમણે નકકી કર્યું કે ગમે તે થાય, મને કોઇ બોલાવવાનું નથી, સત્કારવાનું નથી, જોતાંવેંત હડધૂત અથવા અપમાનિત કરવાનું છે, તો પણ ભાઈને મળવા જઈ આવું. આવા સંજોગોમાં જવું જ જોઇએ. સુખની ક્ષણોમાં ના જઇએ તો ચાલે પણ દુઃખના પ્રસંગે તો જવું જ જોઇએ. એમાં વિશુધ્ધ મંગલ માનવધર્મ રહેલો છે.

માતાજી હિંમત કરીને એક દિવસ ઘેરથી નીકળી પડ્યાં. રામશંકર પાસે આવી પહોંચ્યાં. રામશંકર એમને જોઈને આશ્ચર્ય પામ્યા ! એમને તો કલ્પના પણ નહિ કે બેન આવી રીતે આવા સમયે આવશે !

માતાજીએ ખબર અંતર પૂછી. રામશંકરની આંખમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. થોડીક વાર પછી એ ધીમે સ્વરે બોલ્યા—“ બેન, મારી ભૂલ થઈ. મને માફ કરજે. મેં તારી સાથે સારો વ્યવહાર ના રાખ્યો. ”

માતાજી ઇચ્છા ના હોવા છતાં એ શબ્દોને શાંતિપૂર્વક સાંભળી રહ્યાં. બોલ્યાં : “ કાંઈ નહીં. એ તો બધું ચાલ્યા કરે. જેવા સંસ્કારો. તમે દુઃખી ના થશો. શરીર સાચવજો. ઈશ્વર તમને સારું કરે. ”

ભારે હૈયે માતાજીએ વિદાય લીધી.

તે પછી બીજા કે ત્રીજા જ દિવસે રામશંકરે દેહત્યાગ કર્યો. જતાં પહેલાં એમનું અંતર બેન પ્રત્યેના પવિત્ર પ્રેમભાવથી પુનઃ પ્રકાશિત થયું. એ એમનું સદ્ભાગ્ય.

માતાજી એ પ્રસંગને યાદ કરીને કહેતાં કે કોઈ આપણા પર દ્વેષ રાખે તો પણ આપણે તો પ્રેમ જ રાખવો. એનું મંગલ જ ઇચ્છવું. કોણ જાણે કોનો અંતરાત્મા ક્યારે ક્યા સંજોગોમાં જાગ્રત થાય અને આલોકિત બની જાય! સંસાર એવી રીતે જ સ્વર્ગીય થઈ શકે છે. આપણા પોતાના જીવનમાં પણ સ્વર્ગસુખ પ્રગટે છે.

કલિયુગમાં બીજા સાધનોની ચિંતા તથા ભ્રમણામાં પડયા સિવાય નામસ્મરણ કરતા રહેવું એ શ્રેષ્ઠ છે.

શ્રીયોગેશ્વર

PHONES : 292326. 295639 RESI: 441332
GRAM : 'NITSARAD' TELEX NO. 011. 6188. NITI

**S. V. Enterprise**

**J. V. SHAH**

**Worldwide Exporters**

203, Sharoa Chambers, 15, New Marine Lines,
Post Bag No. 11490, Bombay 400020.



# શ્રેયયાત્રા

ભાઈલાલભાઈ છાટબાર

## સગુણ-નિર્ગુણ; ધ્યાન—સાધન કે સાધ્ય ?

આજે તા. ૨૪-૧૧-'૫૨ સોમવારની સવારે મહાત્માજીના પ્રેમકરુણાભાવના મૂર્ત સ્વરૂપે, "અભીપ્સિત" જીવનમાં આવી મળ્યું હતું. સાંજે છૂટીને ફરવામાં સાથે થઈ ગયો હતો.

ફરવા જતાં પહેલાં હિન્દીના સુપ્રસિદ્ધ પંડિત શ્રી હજારીપ્રસાદ દ્વિવેદીજીના પુસ્તક 'बाणभट्ट की आत्मकथा' વિશે મહાત્માજીએ વાત કરી. તે પુસ્તક વાંચવા જેવું છે અને તેનો અનુવાદ કરવા જેવું છે, એમ મહાત્માજીએ જણાવ્યું. બે-ત્રણ મહિના પછી આ પુસ્તક હું વાંચી ગયો. હિન્દી-સાહિત્યના ગ્રન્થરત્નોમાં આ આત્મકથા પણ એક અતિ ઝળહળતું રત્ન છે.

રાતના પ્રવચનમાં મહાત્માજીએ કવિશ્રી નાનાલાલનું એક કાવ્ય ગાયું હતું. આજે પણ પ્રવચનને અંતે અવનવી મધુર ધૂન હતી. પ્રવચન પછીની રાતની સત્સંગ–બેઠકમાં રોજના ક્રમ મુજબ હસ્તલિખિત પ્રતમાંથી ત્રણ પૃષ્ઠ વાંચ્યાં. તેના ઉપર વિચારોની આપ-લે થઈ. આજની આ બેઠકમાં નીચે પ્રમાણે સંવાદ થયો.

પ્રશ્ન—સાકાર અને નિરાકાર ઉપાસનામાં શ્રેષ્ઠ ઉપાસના કયી ?

મહાત્માજી—નવ્વાણું ટકા મનુષ્યોને સાકાર માર્ગ પસંદ પડે છે. તે માર્ગ સરલ છે અને ભક્ત તેમાં બહુ ઝડપથી આગળ વધી શકે છે. ગીતામાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે કે નિરાકારનો માર્ગ ક્લેશનો માર્ગ છે. નામ અને રૂપની દુનિયામાં રહેવાનો મનુષ્યને અભ્યાસ છે તેથી નિરાકાર માર્ગનું અવલંબન કષ્ટપ્રદ બને છે. સાકાર-નિરાકાર માર્ગમાંથી કોઈને ભગવાન શ્રેષ્ઠ કહેતા નથી. નિરાકાર કઠિન છે અને સાકાર સરલ છે, એમ ભગવાન પોતાનો અભિપ્રાય દર્શાવે છે.

—ઘણાને કઠિન માર્ગ પસંદ પડતો હોય છે. નિરાકારની રુચિવાળા સાધક તે માર્ગે જવું હોય તો જઇ શકે છે. પોતાની નાડીપરીક્ષા પોતે કરવી જોઈએ અથવા સાચા ગુરુ પાસે તેવી પરીક્ષા કરાવવી જોઈએ.

પ્રશ્ન—ભક્તોએ પુસ્તકો વાંચવાની જરૂર ...ખરી ?

મહાત્માજી—આધ્યાત્મિક ગ્રન્થો પરમાત્મા પાસે પહોંચાડનારું સાધન છે. તેવા ગ્રન્થો પ્રથમ તો મન ઉપર શાસન કરવાનું શીખવે છે. તનમનની શુદ્ધિની પ્રતિષ્ઠા ભક્તના જીવનમાં અતિ મહત્ત્વની છે. ગુણદોષોને પકડવાની અને દોષોનું શમન કરવાની ભક્તને જરૂરિયાત છે. હજારો મનુષ્ય શુદ્ધિ દ્વારા મનના અધીશ્વર બન્યા છે. ભક્ત કે ઉપાસક પણ આત્મ-નિરીક્ષણ કરી એકાગ્રતા સાધી તેવો જ અધીશ્વર બની શકે છે.

પ્રશ્ન—ડાહ્યા દેખાતા સમજુ માણસો પણ કેમ ભૂલ કરી બેસતા હશે ?

મહાત્માજી—સમજુ માણસો હંમેશાં ધર્મનું આચરણ કરતા હોય છે. એવું નથી કારણ કે એવું આચરણ કરવા માટે જે માનસિક બળ-આત્મબળ જોઈએ તે ઘણાઓમાં હોતું નથી.



—માણસ ધર્મ, નૈતિકતા અને સદાચાર શું છે, તે સમજતો હોય છે. પરન્તુ પોતાની આંતરિક નબળાઈઓને લીધે તેનું આચરણ કરી શકતો નથી.

—મનને અને વિષયોને જીતવામાં મનુષ્યજીવનનો મોટામાં મોટો પુરુષાર્થ રહેલો છે. મનુષ્ય જ્યાંસુધી પોતાની જાતને મજબૂત ન બનાવે ત્યાંસુધી જ્ઞાન અને વ્યવહાર વચ્ચેની જે ખાઈ દેખાય છે, તે ટૂંકી થવાની નથી.

—વાસના માણસના મનમાંથી ન નીકળે તો તે માણસનું જીવન તો બગાડે છે જ—તેનું મરણ પણ બગાડે છે. વાસના માણસને મર્યા પછી પણ મરવા દેતી નથી.

પ્રશ્ન—સગુણ અને નિર્ગુણમાં શો ભેદ છે ?

મહાત્માજી—જે સગુણ છે, તે જ નિર્ગુણ છે અને જે નિર્ગુણ છે તે જ સગુણ છે. નિર્ગુણને પ્રેમની સંપૂર્ણ ઠંડક સાંપડે ત્યારે તે સગુણ બને છે—જળનું હિમ બની જાય છે તેમ. તે બંનેમાં કંઈ ભેદ નથી. ભેદ માત્ર ભક્તની રુચિ અને પસંદગીમાં છે. ગીતામાં નિર્ગુણ-નિરાકાર સ્વરૂપનું વર્ણન છે તેમ જ સાકારનું વર્ણન પણ છે. નિર્ગુણ અને સગુણ બંને ચિન્મયી શક્તિનાં અંગ છે. સગુણ ભક્ત હોય કે નિર્ગુણ ભક્ત હોય તેણે મનને ઈશ્વરમાં સતત્ જોડી દેવું જોઈએ.

પ્રશ્ન—નિર્ગુણમાં સંસારનું સ્થાન ક્યાં આવે ?

મહાત્માજી—સંસાર સાકાર બ્રહ્મ છે. પરમાત્મા નિરંજન નિરાકાર બ્રહ્મ છે. પરમાત્માની શક્તિ સક્રિય બનીને સંસારમાં કામ કરે છે. જ્યાં જ્યાં ચેતન છે, ત્યાં ત્યાં પરમાત્મા છે. જ્યાં ચેતન નથી ત્યાં પણ પરમાત્મા ગુપ્ત સ્વરૂપે નિહિત છે. વિશ્વનાં તમામ સર્જનો પરમાત્માના એક અંશ સમાન છે. સંસાર એ પરમાત્માનું વ્યક્ત એવું આંશિક સ્વરૂપ છે પરમાત્મા પોતે તો અવ્યક્ત છે. અક્ષર, અનિર્દેશ્ય અને અવ્યક્ત એવું પરમાત્માનું વર્ણન ગીતાજીમાં છે. આગવ–પાછળ, ઉપર–નીચે, પૂર્વ–પશ્ચિમમાં, ઉત્તર–દક્ષિણમાં પથરાયેલી પરમાત્માની વ્યાપક શક્તિ છે. પરમ ચૈતન્ય સર્વવ્યાપક છે. તેની સર્વવ્યાપકતા સંસારના જડ–ચેતન તમામ પદાર્થોમાં પથરાઈને પડેલી છે.

પ્રશ્ન—ધ્યાન સાધન છે કે સાધ્ય ?

મહાત્માજી—ધ્યાન સાધન છે. ધ્યાન દ્વારા ઈશ્વરની સાથેનો, પોતાના સાચા સ્વરૂપની સાથેનો સંપર્ક સધાય છે. ધ્યાનમાં પોતે જ પોતાની સાથે સંપૂર્ણ એકાન્તમાં ચાલી જવાનું હોય છે. ધ્યાન એક એવી કૃપાવસ્થા છે કે જેમાં માણસ આપોઆપ પોતાના હૃદયને પ્રકાશાભિમુખ કરે છે—અનાયાસે અને છતાં નિઃશંકપણે.

—ધ્યાન ક્રિયા પણ નથી. ધ્યાન એ એક અવસ્થા છે. દિનરાત ચાલતા જીવનચક્રના ચોવીશ કલાકમાંથી સવારે–સાંજે કલાક કલાક ધ્યાન માટે કાઢીએ તો તે, દૈનિક રોજબરોજના જીવનની જે એક અવસ્થા છે તેનાથી જુદી પડતી, ‘ અવસ્થા–વિશેષ ’ છે. ધ્યાન એ એક અવસ્થા–વિશેષમાં, ભિન્ન અવસ્થામાં પ્રતિષ્ઠા છે. અસ્તિત્વની સમગ્રતાના મૌનમાં તે અવસ્થાંતર છે. મનુષ્યમાં રહેલ તમામ સ્તરો—મન, પ્રાણ, બુદ્ધિ, ચેતના વગેરે સ્તરોમાં સુસંવાદિતાપૂર્ણ અવસ્થાનું નામ ધ્યાન છે.



—ધ્યાન દ્વારા અતીન્દ્રિય દ્વાર ખુલી જતાં ‘ પરમ ’ નો પરિચય અને ‘ પરમ ’ નાં દર્શન તેમ જ ‘પરમ’માં સ્વ–સ્વરૂપની પ્રતિષ્ઠા થાય છે.

મહાત્માજીએ બે ગીતા-ભજન ગાયાં. સૌએ પ્રણામ કરીને રજા લીધી.

ત્યાગ, સગુણ–નિર્ગુણની એકરૂપતા અને ધ્યાનસાધના વિશેની આજની સવારથી રાત સુધીની વાતો જાણે મને પ્રાપ્ત થયેલ “ અભીપ્સિત ” ને અનુરૂપ અને તેની સાથે સુસંગત હતી.

આજે ફરવા જતી વખતે થયેલ વાતો પણ રહી રહીને હૃદય આસપાસ ધીમું મધુર ગુંજન કરે છે. મહાત્માજીએ કહેલું કે : સાચો સાધક માનવપ્રેમી બને છે એટલું જ નહિ પણ ચરાચર તમામ પ્રાણી–પદાર્થોને ચાહનારો હોય છે. તે સમસ્ત જનસમાજના કલ્યાણમાં પરમ આનંદનો અનુભવ કરતો હોય છે. સહૃદયી–પ્રેમાળ માણસને સૌ કોઈ પ્રેમ કરે છે. અનાદિકાળથી ઈશ્વરનો પ્રેમ સર્વત્ર ઉપસ્થિત છે જેઓ આ ઈશ્વરનો પ્રેમ બધેય ચોતરફ વહાવે એવા સાચા મહાન પ્રેમીઓનો મધુર પ્રેમ જગતને જોઈએ છે.

—તમારી આસપાસના માણસો પ્રેમ ઇચ્છે છે. તમે જેને મળો છો, બધાંને તમારા પ્રેમ અને શુભેચ્છાની જરૂર છે. તમારા સંપર્કમાં આવતા દરેક પરિચિતને, સંબંધીને, પડોશીને–દરેક મનુષ્યને તમારા હૃદયની શુભ ભાવનાની જરૂર છે.

—ઈશ્વરના પ્રેમને તમે તમારા દ્વારા વહાવો એ જ પ્રવર્તમાન જગતની ઉજ્જવળ આશા છે. જીવનમાં પ્રેમ જ જયતિલક કરે છે. જીવનમાં જે મધુમય છે, માંગલ્યમય છે, તેની આરાધના હંમેશાં કરવાની છે. (ક્રમશઃ)

"ચંદન વૃક્ષ, સુવાસીત ફૂલો કે અન્ય સુગંધી પદાર્થો કરતા પણ સદ્‌ગુણોની સુવાસ ચઢીયાતી છે."

—ભગવાન બુદ્ધ

"જીવન અનિશ્ચિતતાઓથી ભર્યું પડ્યું છે. તેમાં નિશ્ચિત જો કંઈ હોય તો એ મૃત્યું."

—સ્વામી પવિત્રા નંદ



# "પ્રકૃતિ અને મનુષ્ય"

કુ. મધુરિકા. ર. જોષી.

કવિ ( Wordsworth ) કહે છે : "We are too much With the World." વર્તમાન યાંત્રિક સંસ્કૃતિમાં અટવાયેલો મનુષ્ય પોતાની માતા પ્રકૃતિને જ ભૂલી ગયો છે. કારખાનાંઓના ખડખડાટ, મોટર, ટ્રામ, બસના ઘોંઘાટ, રેલ્વેના સિત્કારો અને એરોપ્લેનોના. ઘર્ઘર રવ અને પ્રચંડ માનવમેદનીના શોરબકોરમાં અટવાયેલો મનુષ્ય પોતાની આસપાસ વેરાયેલું પ્રકૃતિનું અફાટ સૌંદર્ય-તેનું મુક્ત હાસ્ય અનુભવવા ફુરસદ મેળવી શકતો નથી.

પ્રકૃતિ માનવજાતિ ઉપર સહસ્રધારાએ સૌંદર્ય વરસાવી તેને આનંદમુગ્ધ બનાવવા મથે છે, પણ જીવનના ઝંઝાવાતોમાં જકડાયેલો મનુષ્ય તેના તરફ દ્રષ્ટિપાત પણ કરતો નથી. વસંતઋતુમાં ખીલી રહેતાં અનેકરંગી પુષ્પો, કોકિલાના મનોહર ટહૂકારથી ગુંજી રહેતી આમ્રકુંજો, સમીરની મધુર લહરીઓમાં તરુપલ્લવોના કર્ણમધુર મર્મર રવ કોને આનંદ ન આપે ? પૂર્ણિમાની રૂપેરી ચાંદનીના વાતાવરણમાં ધવલ ફીણોના પુંજવાળી તરંગમાલાઓ, ક્ષિતિજના અંત સુધી ઉછાળતો સાગર, શ્યામ મેઘમાલાઓ આકાશમાં ધીમે ધીમે ડોલતી પસાર થતી હોય તેનું ચિત્તહારી સૌંદર્ય, વનકુંજોની નીલિમા, સરિતાઓનો કલકલ નિનાદ, રાત્રિએ કટાક્ષ કરતાં હોય કે હાસ્ય વેરતાં હોય એવાં આકાશનાં અગણિત તારકવૃંદો, પર્વતોની ભવ્ય શિખરમાલાઓ, પ્રાતઃકાલે પ્રાચી દિશામાં ઉષાના પલટાતા વિવિધ રંગો—આવું કંઈકંઈ સૌંદર્ય

પ્રકૃતિમાતા માનવી ઉપર વર્ષાવી રહી છે છતાં માનવીને તો તેના તરફ દ્રષ્ટિપાત કરવાનો પણ અવકાશ નથી.

પ્રકૃતિસૌંદર્ય માનવીના સકુંચિત ચિત્તને વિશાળ કરે છે, જીવનની મુશ્કેલી અને આવી પડેલા દુઃખમાં આશ્વાસન આપે છે, તેનમાં ઉચ્ચ વિચારો પ્રેરી મનોભૂમિકાના ઊંચા સ્તર તરફ ખેંચી વધારે સમજુ અને નમ્ર બનાવે છે, આ રીતે માનવ પર તો પ્રકૃતિ સહસ્ર ધારાએ પ્રેમ વર્ષાવી રહી છે. પરંતુ ક્યાં છે માનવને તેની સામે જોવાની ફુરસદ ?

વાસ્તવિક રીતે જોઈએ તો માનવજીવનની સંસ્કારિતા દર્શાવતી બધી યે કલાઓ પ્રકૃતિના અનુકરણમાંથી સર્જાઈ છે. સંગીતના રાગો, પંખીઓનાં સમૂહગીત, તરુપલ્લવાના મર્મર રવ, સરિતાઓના મધુર નિનાદ અને સાગરતરંગોના અનવરત ઘોષમાંથી જન્મ્યા છે, એમ પંડિત ઓમકારનાથ કહે છે. તાનસેન કે બૈજૂ, (Wagner) કે (Beethoven) કુદરતના નાદોના કેટલા ઋણી છે તે વિચારવા જેવું છે ચિત્રકાર પોતાની પીછીથી વિવિધ રંગો ચિત્રોમાં આલેખે છે. તેનો ઉદ્ભવ પણ આસમાની આકાશ, ગુલાબ વગેરે પુષ્પોના રંગો કે પૂર્વ દિશામાં પ્રાતઃકાળે રંગોની પલટાતી વિવિધતામાંથી આવિર્ભાવ પામ્યા હોય છે. ( Rophael ) ની રેખાઓનું માધુર્ય અને Turnerના ભભૂકતા રંગો, રવિવર્મા કે માઇકલ એન્જેલોના વળાંક; એ સૌની પ્રેરણાદાત્રી કુદરત જ છે. જગતની મહાકવિતા પણ પ્રકૃતિસૌંદર્યના વાતાવરણમાં જ પ્રેરાય છે. હિમાલયના ભવ્ય સૌંદર્ય વચ્ચે મહાભારત રચાયું, ગંગા નદીના શીતળ તટ પરનાં નિબિડ અરણ્યોમાં ઉપનિષદ્ અને રામાયણની કવિતા સર્જાઈ. વર્ડ્ઝવર્થ, શેલી, ટેનિસન વગેરે અનેક કવિઓની કવિતા પ્રકૃતિની પ્રેરણામાંથી જ ઉદ્-



ભવી છે. આપણા ન્હાનાલાલ કે કાન્ત, ઉમાશંકર કે સુન્દરમ્‌ની કવિતામાં પ્રકૃતિસૌંદર્યનું તત્ત્વ પદે પદે પારખી શકાય એમ છે.

આમ કુદરત વ્યક્તિના ઘડતરમાં બહુ મોટો ફાળો આપે છે એટલું જ નહીં; પણ સમસ્ત પ્રજાઓનું ઘડતર પણ દેશની આસપાસ પ્રસરેલું કુદરતનું સૌંદર્ય કરે છે. કવિવર ટાગોર કહે છે કે-' યુરોપના કાંઠા ઉપર એટલાન્ટિક મહાસાગર ભયંકર પછડાટ અને તોફાનો ઊભાં કરે છે. ઉત્તરમાં હિમપ્રપાત અને બરફના ઝેરી પવનો પ્રજાને સિત્કાર કરાવે છે. આથી યુરોપની પ્રજા યુદ્ધપ્રેમી બની. કુદરતની સામે ઝૂઝવાનું મહાબળ તેણે પ્રાપ્ત કર્યું. અખંડ ઉદ્યોગ અને નવાં નવાં સંશોધનો કરી તેમણે વૈજ્ઞાનિક સંસ્કૃતિ સર્જી; પરંતુ ભારતવર્ષમાં ગંગા, સિન્ધુ, સતલજ વગેરે નદીઓનાં પ્રશાંત સૌંદય નિર્ઝરતાં અરણ્યોમાં ઋષિમુનિઓએ આધ્યાત્મિક સંસ્કૃતિ સર્જી. પર્વતની તળેટીમાં ખડતલ, સાહસિક, ઉદ્યમી અને આદર્શપ્રિય પ્રજા સ્વીટ્ઝર્લાન્ડ કે મહારાષ્ટ્રની પેઠે સર્જાય છે. રણમાં રહેનારી પ્રજા હમેશા વિશાળ આકાશ, અને માઈલો સુધી વિસ્તરતી ક્ષિતિજ નિહાળ્યા કરે છે. આવાં સ્થળોમાં ચિંતન કે ફિલસૂફી જન્મે છે. અંધારાં કાંટાવાળાં, નાના કદનાં જંગલોમાં રહેનારી પ્રજા ઓછી બુદ્ધિની, સાંકડાં મનની, કપટી અને ક્રૂર હોય છે. સાઈબિરિયા અને ચીનની પ્રજા કેંક અંશે આવી ગણાય. ગ્રીસની આસપાસ ચારે બાજુ સાગરની મધુર ઝાંઝરી વાગતી ન હોત તો ત્યાં હોમર, પ્લેટો, એરિસ્ટોટલ કે સોફોકલીસ જન્મ્યા ન હોત.

અને છેવટે આપણે એ પણ વીસરી ગયા છીએ કે પ્રકૃતિ આપણી વ્હાલસોયી માતા છે. થોડા કણ વેરી આપણે તે માતા પાસેથી હજારોગણું અન્ને મેળવીએ છીએ. એ પ્રકૃતિ

કુદરત આપણને જીવવા માટે પ્રાણવાયુ અને જળ આપે છે. પોતાના પેટાળમાંથી અખૂટ ઝરાઓ ખુલ્લા કરી આપણા જીવનને સગવડભર્યું બનાવે છે. પોતાના ઉદરનાં ઉંડાણમાંથી કોલસો કાઢી આપી એ આપણાં યંત્રો અને કારખાનાંઓ ચાલતાં રાખે છે. આપણી મોટરો, વાયુયાનો, સ્ટીમરો, વીજળીની રોશની, ટ્રામો, બસ, આપણાં યંત્રો, આપણાં ઘી–દૂધ એ બધી પ્રકૃતિમાતાની પ્રસાદી છે, માનવી પ્રકૃતિને લૂંટે છે—પોતાના સુખ માટે; છતાં આ દયાળુ માતા કદિ કુપિત થતી નથી. ઉત્કંપ કરતી નથી; નહિ તો આ માનવજાતિ અને જેનો તે ગર્વ લે છે તે તેની યાંત્રિક સંસ્કૃતિ એક ક્ષણમાં ભસ્મીભૂત થઈ જાય. મોટામોટા દેશો અને શહેરોના માત્ર ખંડિયેર જ રહે. માનવી પ્રકૃતિને સાચા સ્વરૂપે નિહાળતો રહે, પોતાની અલ્પતા કે પંગુતા સમજી થોડો ગર્વહીન થાય અને પ્રકૃતિસૌંદર્યમાં વિહરતો થાય તો યે ઘણું !

કારણકે—

ONE IMPULSE FROM VERNAL WOODS
CAN TEACH YOU MORE OF MAN.
OF MORAL EVILS AND OF GOODS,
THAN ALL THF SAGES CAN.



# અવશેષોનું વિસર્જન

યોગેશ્વરજી

જે અસામાન્ય દિવ્ય આધ્યાત્મિક સંસ્કાર સંપન્ન આત્માઓએ એમના જીવનકાળ દરમિયાન જ જીવનની વિશુદ્ધિ સાધીને અહંતા, મમતા, દુન્યવી આસક્તિ અથવા લૌકિક રાગદ્વેષમાંથી મુક્તિ મેળવીને, અવિદ્યાના આવરણનો અંત આણવાનો સફળ સાર્થક પ્રયત્ન કર્યો, પરમાત્માની પ્રીતિ પ્રગટાવી, અને પરમાત્માની પરમકૃપાનો સુર દુર્લભ સ્વાદ લીધો, એ અલૌકિક આત્માઓનું પાર્થિવ શરીર ગમે તે અવસ્થામાં અને ગમે ત્યાં પડે એથી એમની સદ્‌ગતિમાં, બ્રાહ્મી સ્થિતિમાં, સ્થિત–પ્રજ્ઞાવસ્થામાં, જીવનમુક્ત દશામાં, કે પરમાત્મ પરાયણતામાં કશો ફેર પડે છે ખરો ? નથી પડતો. એમનું શરીર વિજનમાં પડે કે વસતિમાં, તીર્થસ્થાનમાં પરિસમાપ્તિ પામે કે સામાન્ય સ્થાનમાં શાંત થાય, એ સુતાં–સુતાં શરીર ત્યાગે કે પદ્માસનાદિ આસન–વિશેષમાં, એથી એમની મુક્તાવસ્થા, પૂર્ણતા કે સદ્‌ગતિમાં કશો જ ફેર નથી પડતો. માનવની મુક્તિ કે બદ્ધાવસ્થા, પૂર્ણતા કે અપૂર્ણતા, સદ્‌ગતિ અથવા અસદ્‌ગતિનો આધાર શરીર પર નથી હોતો. મન પર હોય છે. શરીરની સ્થિતિ–વિશેષ પરથી એનો નિર્ણય નથી કરાતો, મનની અવસ્થાવિશેષ પરથી એનો નિર્ણય કરાતો હોય છે. પરમાત્મદર્શી, પરમાત્મનિષ્ઠ, પરમ પવિત્ર નિર્વાસનિક મનના મહાપુરુષને એના જીવનકાળ દરમિયાન જ સર્વોચ્ચ ગતિની તથા શાંતિની સંપ્રાપ્તિ થઈ ચૂકી હોય છે. શ્રી આદ્ય શંકરાચાર્ય મહારાજે લખ્યું છે કે પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ થયેલા મહાપુરુષોની સ્થિતિ

પ્રતિપળ, પ્રતિસ્થળ, પરમાત્મામાં જ હોય છે. મન કદી પણ કોઈએ કારણે, કોઈએ સંજોગોમાં પરમાત્માનો પરિત્યાગ નથી કરતું.

सर्वावस्थितिरस्य वस्तु विषये दृष्टे परे ब्रह्मणि ।

એવા આપ્તકામ આત્મદર્શી મહામાનવોને મરણોત્તર ક્રિયાઓની કે વિધિવિધાનોની આવશ્યકતા પણ નથી હોતી. મરણોત્તર લૌકિક ક્રિયા કલાપોથી એમની ગતિમાં મદદ નથી મળતી. એ છતાં પણ, આપણે માતાજીના પાર્થિવ શરીરના પરિત્યાગ પછી સઘળી લૌકિક ઉત્તર ક્રિયાઓ કરાવી. એમના અવશેષોના કુંભને ઘોઘાના સમુદ્રમાં પધરાવ્યો. કરનાળીના સુરલીસંગમમાં એમના સ્થૂળ અવશેષોના એક તામ્રપાત્રને પ્રવાહિત કર્યું. બીજાં ચાર તામ્રપાત્રોને હરિદ્વાર જેવાં અન્ય તીર્થસ્થાનોમાં પ્રવાહિત કરીશું. એની પાછળની દૃષ્ટિ સમજવા જેવી છે. મહાપુરુષોનું શરીર પવિત્ર મનાય છે. એમના અંગની એકેક વસ્તુ અલૌકિક ગણાય છે. દર્શનીય કહેવાય છે. માટે તો ભગવાન બુદ્ધના નખને ને મહમદ પયગમ્બરના વાળને હજુ પણ સુરક્ષિત રાખવામાં આવ્યા છે. પરમાત્માની પરમ-કૃપાપાત્ર અલૌકિક આત્માઓનાં શરીર પણ ચિન્મય હોય છે. એમના સ્થૂળ અવશેષોને સરિતાઓમાં પ્રવાહિત કરતી વખતે હું એવી ભાવના કરું છું. કે એ અવશેષો સરિતાના સલિલમાં મળીને સાગરમાં સમાશે. સરિતાના સલિલનું કેટલાયે માનવો, પશુપંખીઓ પાન કરશે. કેટલાય ભૂ–ભાગોમાંથી એ સલિલ પસાર થશે, પૃથ્વીને સસ્યવતી બનાવશે, અન્નની સૃષ્ટિ કરવામાં મદદરૂપ બનશે. પવનની લલિત લહરીઓ દ્વારા આસપાસના વાયુમંડળમાં પણ વિસ્તરશે. એને લીધે સર્વત્ર નવી સાત્વિક હવા, ચેતના, વિચારધારા, શાંતિ, સંજીવની,



પ્રભુ–પરાયણતાનો પ્રસાર થશે. વાતાવરણમાં વિશુદ્ધિ વધશે. અવશેષોના વિસર્જન પાછળ એવી દૈવી સુક્ષ્મ દૃષ્ટિ રહેલી છે. એવી ભાવના ને પ્રાર્થના કરીને અવશેષોનું વિસર્જન કરવામાં આવે છે.

મુંબઈના એક સુપ્રસિદ્ધ સોલીસીટર મને મળવા અને માતાજીને માટે શ્રદ્ધાંજલિ આવવા ભાવનગર આવેલા. એમણે મને વાતવાતમાં જણાવ્યું કે ભારતની નદીઓ મોટે ભાગે અપવિત્ર થઈ ગઈ છે. એમાં દુરાચારી માનવોનાં અસ્થિવિસર્જનો પણ કરવામાં આવે છે. માટે મેં તો મારી ધર્મપત્નીને અવિશેષ અને સ્પષ્ટ સૂચના આપી છે કે મારા મૃત્યુ પછી મારા અસ્થિનું વિસર્જન ભારતની નદીઓમાં કરવાને બદલે અમેરીકા-ની નદીમા કરવું. ત્યાંની નદીઓ નિર્મળ છે. મેં એમને શાંતિ-પૂર્વક સસ્મિત જણાવ્યું કે ભારતની નદીઓમાં ગમે તેવા આસુરી સંપત્તિના માનવોના અવશેષોને વહાવવામાં આવતાં હોય અને એથી નદીનાં નીર દૂષિત થતાં હોય તોપણ સારા દૈવી સંપત્તિવાળા માનવરત્નોના અવશેષોને એમાં પ્રવાહિત કરવામાં આવે તો એ નદીઓની નિર્મળતા અકબંધ રહે ને વધે એવું ના બને ? નદીઓ તો નિર્મળ છે જ, છતાં પણ ઉત્તમ અલૌકિક આત્માઓના અવશેષોથી એમની અંદરની અશુદ્ધિનો અંત આવે માટે આપણે અલૌકિક આત્માઓના અવશેષોને એમના પાણીમાં પ્રવાહિત કરીએ એ આવકાર-દાયક આશીર્વાદરૂપ અને અભિનંદનીય છે.

સોલીસીટર સાહેબને એ વિચારધારા સારી લાગી. એમણે તરત જ જણાવ્યું કે તમારી વાત મારે ગળે ઊતરી ગઈ. હું મારી ધર્મપત્નીને અત્યારે જ સૂચના આપું છું કે મારા શરીરના અવશેષોને ભારતની જ નદીમાં પ્રવાહિત કરે. મેં કહ્યું, તો પછી તમારા જીવનને વધારેને વધારે વિમળ અને

જ્યોતિર્મય બનાવો, જેથી એના અવશેષો અન્યને આદર્શ અને આશીર્વાદરૂપ બને. એ શાંત રહ્યા.

માતાજીના અવશેષોના વિસર્જન પાછળ એવી ઉદાત્ત સૂક્ષ્મ સર્વહિતકારી ભાવના સમાયેલી.

એ અવશેષોના વિસર્જનની ઇચ્છાથી પ્રેરાઈને અમે વડોદરાથી તારીખ ૨૮-૧૦-૧૯૮૦ ના દિવસે ઘરની બે મોટરોમાં પ્રયાણ કર્યું. માર્ગમાં શામળાજી, ઉદેપુર, નાથદ્વારા, કાંકરોલી, આગ્રા, મથુરા, વૃંદાવન, દ૯,
થઈને દેવપ્રયાગ પહોંચ્યાં. હરિદ્વારમાં ગંગાનું પાણી બંધ હોવાથી ઘાટ સૂકો હોવાથી માતાજીના એક પાત્રનું વિસર્જન ઋષિકેશના ત્રિવેણીસંગમમાં કર્યું. ત્રીજા પાત્રનું વિસર્જન દેવપ્રયાગના અલકનંદા અને ભાગીરથીના સુંદર સંગમમાં કર્યું. પછી દહેરાદૂન મસૂરી થઈને મુરાદાબાદ બરેલીના માર્ગે અયોધ્યા, અલ્હાબાદ, કાશી, ચિત્રકૂટ ગયાં. ચોથા પાત્રનું વિસર્જન પ્રયાગરાજમાં ને પાંચમાનું કાશીમાં કરીને ગયા, બોધિગયા, કલકત્તા, કામારપુકુર, જયરામવાટી, તારકેશ્વર, ઉજ્જૈન, ઈન્દોર, ઓમકારેશ્વરની મુલાકાત લીધી. છેવટે પૂરા એક મહિનાની યાત્રા પછી ગોધરા થઈને તા. ૨૭-૧૧-૧૯૮૦ બપોરપછી વડોદરા પહોંચ્યાં. માતાજીએ ભારતની લગભગ સઘળી સરિતાઓમાં વારંવાર સ્નાન કરેલું. બધાં જ પ્રખ્યાત તીર્થસ્થાનોની મુલાકાત લીધેલી. એમને અમારી તીર્થયાત્રાની ને અસ્થિવિસર્જનની પ્રવૃત્તિથી કોઈ વિશેષ લાભ નહોતો પહોંચવાનો. તોપણ મા સર્વેશ્વરી સાથે મેં એ પવિત્ર પ્રવૃત્તિ કરી તો તીર્થદર્શનનો, સંતદર્શનનો ને દેવદર્શનનો સવિશેષ લાભ મળ્યો. પુણ્યપ્રવૃત્તિ અમારે માટે અનેક પ્રકારે અમોઘ આશીર્વાદરૂપ થઈ પડી.



# જીવનમાં સંયમનું મહત્વ

શ્રી મનસુખલાલ એમ. રાઠોડ.

મનુષ્યના જીવનમાં સંયમનું સ્થાન મહત્ત્વનું છે. સંયમ વિનાનો માણસ એટલે સુકાન વિનાનું વહાણ. મનુષ્યમાં રહેલી દૈવી વૃત્તિ તેને નરમાંથી નારાયણ થવા પ્રેરે છે. જ્યારે આસુરી વૃત્તિ તેને રાક્ષસ બનાવે છે. માનવીમાં રહેલી આસુરી વૃત્તિને સંયમમાં રાખવા સંયમ ખૂબ જરૂરી છે. કેવળ ઇન્દ્રિયો પર જ નહીં, પણ સમગ્ર પ્રવૃત્તિઓ પરનો સંયમ જ મનુષ્યની સફળતાનું પ્રથમ સોપાન છે. ગાંધીજીએ પણ ઇન્દ્રિયનિગ્રહ પર ખૂબ ભાર મૂકયો છે. ગીતામાં પણ ઇન્દ્રિયનિગ્રહનું માહાત્મ્ય ગાવામાં આવ્યું છે. જે ઇન્દ્રિયો કાબૂમાં રાખી શકે તે જ ઈશ્વરમાં તન્મય થઈ શકે છે, તેની જ બુદ્ધિ સ્થિર થાય છે. પ્રાચીન કાળથી આવેલી સંસ્કૃતિમાં સંયમનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. આપણા ઋષિમુનિઓ સંયમથી જ અદ્ભૂત સિદ્ધિઓ મેળવી શકેલા.

સામાન્ય ગૃહસ્થોમાં જીવનમાં પણ સંયમનું મહત્ત્વ ઓછું નથી. ઘણા ખરા રોગોનું કારણ સંયમનો અભાવ જ છે. આથી રોગમાંથી મુક્તિ ઇચ્છતા માણસે પોતાની સ્વાદવૃત્તિ પર સંયમ રાખવો જોઈએ. વાણીનો સંયમ પણ એટલો જ જરૂરી છે. જો વાણીનો સંયમ ન હોય તો અનેકના જીવનમાં ઝેર રેડાતાં વાર લાગતી નથી. એકવાર ગમે તેમ બોલી નાખ્યા પછી, બોલેલું વચન પાછું ખેંચી શકાતું નથી. અને વાણીનો કારમો ઘા કદી રુઝાતો નથી. સત્તાધારી વર્ગમાં પણ વાણીનો સંયમ ન હોય તો મોટા યુદ્ધો કે ક્રાંતિ થતાં શી વારે લાગે? વાણીની જેમ વિચારનો સંયમ પણ એટલો જ જરૂરી છે. મન અંકુશ બહાર જાય તો માણસનું અધઃપતન થાય છે,

કેમ કે અસંયમી મનવાળો માનવી ગમે તેવું ખોટું કામ કરતાં અચકાતો નથી. બાળકોના મા–બાપ પ્રત્યેના વર્તનમાં. ગુરુ–શિષ્યોના વર્તનમાં, શેઠ નોકર વચ્ચેના વહેવારમાં કે પછી પતિ–પત્ની મિત્રો વચ્ચેના સંબંધમાં સંયમની મર્યાદા જાળવવામાં ન આવે તો ઘોર અંધેર ફેલાઈ જાય. સંયમ એ ફક્ત સાધુઓ માટેની ચર્ચા માત્ર નથી તે વ્રતધારી સંસારી· ઓ માટે પણ એટલો જ આવશ્યક છે.

સંયમના અભાવે શક્તિશાળી યાદવોનો નાશ થયો હતો. રજપૂત રાજાઓ સંયમ ચૂકતાં રાજ્ય ગુમાવી બેઠા હતા. સંયમ સાથેની સંસ્કૃતિ ગમે તેવા સંઘર્ષો અને આક્રમણો સામે ટકી શકે છે. જ્યારે સંયમહીન સંસ્કૃતિ રેતીના મહેલની જેમ નાશ પામે છે. સંયમથી જ જીવન ઘડાય છે; અને ચારિત્ર ખીલી ઊઠે છે. સમજપૂર્વક જોઈએ તો સંયમ એ જીવનનું ઉત્તમ ભાથું છે, સ્થિરતાની ચાવી છે, પ્રગતિનું પહેલું પગથિયું છે. પણ બળજબરીથી લાદવામાં આવેલો સંયમ એ બંધનરૂપ છે. તે નિરર્થક અને હાનિકારક સાબિત થાય છે. એનાથી જીવન નીરસ ભારરૂપ અને અપ્રિય થઈ પડે છે. સ્વેચ્છાએ સ્વીકારેલો સંયમ જ જીવનમાં અમૃત સીંચે છે. અને તેને રસસભર બનાવે છે.

સંયમ માનવજીવનની ઉદાત્ત ભાવના છે. જીવનને ઊંચું અને ભવ્ય બનાવનારું બળ છે. આજના ભૌતિક યુગમાં સંયમનું મહત્ત્વ સાર્વત્રિક જરૂરી છે. સુખ અને શાંતિ ઇચ્છતા સૌએ સંયમિત જીવન જીવવા આગ્રહ રાખવો જોઈએ. આચરણ સિવાયનું જ્ઞાન શા કામનું ? એ કેવળ વાણી વિલાસ માટે જ કામ લાગે એનાથી નથી આવતું જીવનમાં બળ કે ઓજસ્, એ કેવળ માનસિક બોજા સિવાય બીજું કશું જ નથી.



## નવા આજીવન સભ્યો

'અધ્યાત્મ' ના આજીવન સભ્યોના નામોમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. પરદેશ સહુ પ્રથમ આજીવન સભ્યઃ–
1. Sr. D. D. Suthar RUGBY England Rs.1501/–
એ ભાઈને અભિનંદન.

## ભારતમાંના નવા આજીવન સભ્યો

૧૬૪ શ્રી. નાનુભાઈ મંગલદાસ ખાંડવાલા. મુંબઈ ૨૫૧–૦૦
૧૬૫ શ્રી. દેવચંદભાઈ આર. પટેલ. પાલનપુર ૨૫૧–૦૦
૧૬૬ શ્રીમતી કલાવતી રતિલાલ બકેરી. અમદાવાદ ૨૫૧–૦૦
૧૬૭ ગ્રામ પંચાયત લાયબ્રેરી કમાણા તા. વિસનગર. ૨૫૧–૦૦
(શ્રી. છોટાલાલ મગનલાલ લીમ્બાચીયા–પ્રેસ્ટન તરફથી)
૧૬૮ શ્રીમતી નર્મદાબેન ખુશાલભાઈ માળી. નવસારી ૨૫૧–૦૦
(શ્રી. રતિલાલ ખુશાલદાસ માળી, પ્રેસ્ટન તરફથી)
૧૬૯ શ્રી. અમૃતભાઈ કે–નાયી આંબલિયાસણ ૨૫૧–૦૦
(શ્રી. ભાનુપ્રસાદ નાયી–પ્રેસ્ટન તરફથી)
૧૭૦ શ્રી. હસમુખલાલ છગનભાઈ પટેલ બોરભાકા. સુરત ૨૫૧–૦૦
(શ્રી. રમણભાઈ છગનભાઈ પટેલ–પ્રેસ્ટન તરફથી)
૧૭૧ શ્રી. નવીનચંદ્ર જયન્તીલાલ દવે. રાજકોટ ૨૫૧–૦૦
૧૭૨ શ્રી. ભૂપેન્દ્રભાઈ ભીખાભાઈ સૂરા નેત્રંગ. ૨૫૧–૦૦
૧૭૩ શ્રી. જશુબેન ખુશાલભાઈ લાડ. અમલસાડ ૨૫૧–૦૦
(શ્રી. સોમાભાઈ આર. મિસ્ત્રી. બોલ્ટન તરફગી)
૧૭૪ શ્રી. રણછોડભાઈ દુર્લભભાઈ પટેલ ૨૫૧–૦૦
(શ્રી. સોમાભાઈ. આર. મિસ્ત્રી. બોલ્ટન)
૧૭૫ શ્રી. રાધાકૃષ્ણ મંદિર ટ્રસ્ટ. સામાપુર. ૨૫૧–૦૦
(શ્રી. મોહનભાઈ એસ પટેલ બોલ્ટન તરફથી)

૧૭૬ ગં. સ્વ. પદ્માબેન પ્રવિણચંદ્ર રણાત, સુરત ૨૫૧–૦૦
(શ્રી. મનહરભાઈ રણાત, સાઉથ પોર્ટ, ઈંગ્લેન્ડ તરફથી)
૧૭૭ ધ. સૈટુલ લાઈબ્રેરી, વડોદરા. ૨૫૧–૦૦
(પિનાકીશંકર ભાઈશંકર વ્યાસ તરફથી .ધર્મલક્ષ્મી-બેનની સ્મૃતિમાં હસ્તે શ્રીકાન્ત વ્યાસ લેસ્ટર.)
૧૭૮ શ્રી લાલભાઈ મોરારભાઈ પટેલ. સરપોર. જિ.વ. ૨૫૧–૦૦
(શ્રી. પ્રભુભાઈ લાલભાઈ પટેલ, લેસ્ટર તરફથી)

## શુભેચ્છા ભેટ

અધ્યાત્મ પ્રત્યેની સદ્ભાવનાથી પ્રેરાઈને સાધકો એને મદદ કરી ભેટ મોકલતા રહે છે.

૧૨, એક શુભેચ્છક તરફથી

૨૫, શ્રી. જે. શાહ તરફથી તેઓશ્રીનાં પુત્રવધુએ અઠ્ઠાઈ કરેલ તે શુભ ધાર્મિક પ્રસંગે.

૨૫, શ્રીમતી પદ્માબેન પી. ત્રિવેદી તરફથી પુત્રશ્રી દીપક-ભાઈના જન્મદિન નિમિત્તે.

(શ્રી. દીપકભાઈને શુભાશિષ.)



# સહજતાનો માર્ગ

શ્રી મણિલાલ દવે

જ્યારે તમારામાં ઈચ્છા અગર કામના જાગે છે ત્યારે તમો તમારી જાતને ખંડિત હોવાનું સ્વીકારી પછી તે પૂર્ણ કરવાની આખી મજુરી અનેક સાધનાઓ મારફત ઊભી કરો છો અને ઈચ્છાને ધ્યાન, સમાધિ અને મોક્ષ સુધી વિસ્તારો છો. અધ્યાત્મમાં પણ સંસાર ઊભો કરો છો. કામના સંસાર માટે ઘટિત ગણાય પણ અધ્યાત્મના કાયદા તેનાથી જુદા હોય છે. પરિધિના કાયદા જો કેન્દ્ર સુધી ખેંચી જઈશું તો કેન્દ્ર જે પ્રાપ્ત જ છે તેમાં વિક્ષેપ ઊભો કરી તેને ઈચ્છાથી ડહોળી નાખીશું. માટે કેન્દ્રમાં સહજતા સિવાય બીજો માર્ગ નથી. ત્યાં કામના કે ઉતાવળ કામ લાગતી નથી. ત્યાં ધીરજ અને અનંત પ્રતીક્ષાની જરૂર ઊભી થાય છે; અને સાચીહકીકત તો એ છે કે તમે કદી અપૂર્ણ થયા જ નથી–પછી કામના કરવાની રહેતી જ નથી. તમે કેન્દ્રમાં તો આપ્તકામ છો એવું તમે સ્વીકારો તો જ સહજ થઈ શકો. કરવાનું કશું નથી પણ તમારી પૂર્ણ સ્થિતિ તરફ આંખ ઉઘાડવાની છે.

મનનું બંધારણ સહજતા વિરુદ્ધનું છે. એટલે તે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ગમે તે રીતે સાતત્ય સાધતું રહે છે-જ્યાં તેનું હોવું પ્રતિકુળતારૂપ છે; ત્યાં પણ પોતે કંઈક કરી શકે છે તેવી પ્રપંચજાળ ફેલાવે છે. અધ્યાત્મ પ્રદેશમાં તે કંઇ કામનું નથી. તેનું બંધારણ સંસાર માટે છે અને ત્યાં તેનો ઉપયોગ પણ છે. જીવન ગતિશીલ અને દરેક ક્ષણે બદલાતું રહે છે. તેમાં તેની તાજગી રહેલી છે. ઇન્દ્રિયોના જગત સાથેના સંપર્કથી પેદા થતા સંવેગોને

મન કેન્દ્ર સુધી પહોંચાડવામાં સંદેશવાહક તરીકે બરાબર છે અને ત્યાં જ તેના કાર્યક્ષેત્રનો પ્રદેશ સમાપ્ત થઈ જાય છે. પ્રકૃતિએ બનાવેલું આ સાધન પ્રવૃતિઓના માટેનું છે. પરંતુ તે કેન્દ્ર માટે પણ ઉપયોગી છે તેવો ભ્રમ તેણે સાધકમાં પેદા કરી તેને રખડાવ્યા સિવાય કાંઈ જ કર્યું નથી. દા. ત. તે ધ્યાન કરવા બેસી જાય છે. વિચારોને જોવાનું કામ, આત્મનિરીક્ષણ વગેરેમાં તે શું કરે છે તે જાણવા જેવું છે. અખંડ ચેતનામાં તે બહુ જ ચાલાકીથી પોતાની જાતને વહેંચી નાખે છે: ધ્યાની અને ધ્યાન. વિચારનો જોનાર અને વિચાર. પણ આ રીતે તે પોતાનું સાતત્ય ટકાવી રાખે છે. અને સાધક આશા સેવે છે કે આ રીતે તે નિર્વિચાર અવસ્થાને પ્રાપ્ત થશે. પણ પરિણામ કંઇ આવતું નથી. એટલે પાયાની ભુલ સમજવાની જરૂર છે. મનનું બંધારણ ભ્રમણાત્મક હોવાથી તે માયાની શ્રેષ્ઠ કૃતિ છે. તે મારીચની માફક મૃગ તે સ્વરૂપ લઈ પોતાની છલના ચાલુ રાખે છે. અત્યાર સુધી તેણે ચેતનમાં વિભાજન અને સંઘર્ષ પેદા કર્યો છે. તેનું કારણ કે વિરાટ ચેતનાને તેણે પોતાના માયાવી સ્વરૂપથી આવૃત્ત કરી, પોતાનું આગવું અસ્તિત્વ સાચવી રાખવાનુ ચાલુ રાખવામાં તે પોતાની શક્તિ વાપરે છે. અહંકાર ચેતનાના પ્રવાહની વિરુદ્ધ દિશામાં ન જાય તો તેને પોતાનો નાશ થવાની પાકી બીક હોય છે. એટલે આપણે જોઇશું કે જીવનના દરેક ક્ષેત્રમાં અહંકારને કાંઈક કરી બતાવવાનો જે ભાવ છે તે પોતાના અસ્તિત્વને ટકાવી રાખવાની ચેષ્ટા જ છે. સરળતા અને સહજતામાં તેનું મૃત્યુ છે. એટલે સાધનાના બહાના નીચે પણ તે આપણને આપણા સ્વરૂપ સાથે એક થવામાં અનેક સૂક્ષ્મ વિઘ્નો ખડાં કરે છે. જે સામાન્ય રીતે સાધકથી પકડાતાં નથી. આ પ્રદેશમાં



મનની ઇન્દ્રજાળ પકડનાર તમારા સિવાય બીજો કોઇ નથી. તમે પોતે મનરૂપ બન્યા છો અને તમારે જ મનથી છૂટવાનું છે. આત્માથી આત્માનો ઉદ્ધાર કરવાનો છે. એ વાક્ય સાચું છે. તે હવે શી રીતે કરવું ? જ્યારે સાચા અંતઃકરણથી મનને પોતાને સમજાય કે સાધનાની અનેક પદ્ધતિથી મેં મને જ ભજીને જીવન બરબાદ કર્યું છે. એટલે હું જ બધા ઉપદ્રવનું કારણ છું. હવે હું કંઈ પણ વિશેષ કરી શકું તેમ નથી. હું પોતે જ રોગ છું-એવી નિરાધારતા અને નિઃસહાયતા રૂંવાડે રૂંવાડામાં વ્યાપે તો પોતે જ પોતાનો વિલય કરી પરમ ચેતનાને માર્ગ મોકળો કરી આપે, તો મનનો માર્ગ પ્રજ્ઞા સંભાળી લે. ત્યાર પછીનો જીવનનો બધો વ્યવહાર સંવાદિત હોય છે, કારણકે તમે પરમ ચેતનાના હથિયારરૂપે હવે જીવો છો. તમારું જીવન સૂકા પાંદડા જેવું બની જાય છે, જે સહજતાનું પ્રતીક ગણાય.

ચીનના તત્ત્વવેત્તા લાઉત્સેના જીવનમાં આવું જ બન્યું, તેમણે ઝાડ ઉપરથી ખરતાં સૂકા પાંદડા ઉપરથી સંકેત પ્રાપ્ત કર્યો. બસ, આવું કોઈ પણ ધ્યેય વિનાનું પસંદગી વિનાનું જીવન હોવું જોઈએ. આ બોધ તેમણે જીવનમાં ઉતાર્યો-તેમણે કોઈ મહત્તા ઝંખી નથી, સમાજમાં સ્થાન માટે પડાપડી કરી નથી; અને જીતવા માટે હરીફાઇ કરી નથી. સંપૂર્ણ અહંશૂન્યતાના દાખલારૂપ તેમનું જીવન હતું. પણ તે ઘર્ષણથી પ્રાપ્ત થતું નથી. અહંના સહવાસથી જેમણે અંતરવેદના અનુભવી હોય તેવા થાકેલા પુરુષને જ આ સૂકા પાંદડાનું દૃષ્ટાંત-અપીલ- કરે. અહંકારની તેમનામાં પણ નિઃસહાય અવસ્થા હતી. અહંકારે પોતાનો આત્મઘાત કરવો જોઇએ. સંપૂર્ણ થાકીને ભોંય પર પડેલા હતાશ માણસનું આ વલણ છે.

સહજતા, એ સંપૂર્ણ શરણાગતિ માગી લે છે. પરમ

સત્તાને જ શરણે જઈ તેને જ સાધના કરવા તમે જો પ્રાર્થના કરો તો પછી, તે તો તમારામાં અંશરૂપે બેઠો જ છે, એટલે તેને યોગ્ય લાગશે તેવું સહજતાથી તમારી પાસે કરાવશે. આપણે ખોટી રીતે આપણી સાધના ગૂંચવીએ છીએ. સરળ વસ્તુને અઘરી બનાવવામાં અહંકારને હંમેશાં રસ હોય છે. જેને સત્ય મળ્યું છે તે અહંકારની હતાશદશામાં જ મળ્યું છે. અહંકારે જાતે જ નિરાધારતા અનુભવવાની છે. આ તર્કનું કામ નથી. પણ આવી ભાવદશા જો તમારામાં પ્રગટે તો ૧૦૦ ટકા સત્યનું અવતરણ થાય. તેવા બુદ્ધ પુરુષોના દાખલા છે. કેટલાક પુરુષાર્થ કરી થાકીને સહજતા તરફ પાછા ફર્યા છે. દા. ત. બુદ્ધ અને કેટલાક શાણા અને સમજુ ભક્ત જેવા કે શ્રી રામકૃષ્ણ પ્રથમથી જ બધુ માને સોંપી સહજ બન્યા છે કબીરનો અને અખાનો દાખલો પણ આની જ પ્રતીતિ કરાવે છે.



# મહાન ભક્ત રાજા અંબરીષ

—'ભાગવતપ્રેમી'

શ્રીમદ્ ભાગવતના નવમા સ્કંધમાં—વૈવસ્વત મન્વંતર અંતરગત રાજા અંબરીષની કથા આવે છે.

રાજા અંબરીષ ભગવાનનો પરમ ભક્ત હતો ને બ્રાહ્મણો, ઋષિઓ, તેમજ અભ્યાગતોનું ખૂબ પ્રેમપૂર્વક સન્માન કરતો સાધુપુરુષો ઉપર તેની પરમ ભક્તિ હતી.

તેના પિતાનું નામ નાભાગ હતું.

અંબરીષ રાજા પૃથ્વી ઉપર અતુલ ગણાતા વૈભવો પામીને પણ તેમને સ્વપ્નવત તુચ્છ જાણતો હતો અને તેથી તેણે પોતાની ઇંદ્રિયોને ભગવાનના ભજનમાં જોડી દીધી હતી.

રાજાના આવા ધર્માચરણને લીધે એના અનુચરો અને પ્રજા પણ ભગવાનનું ચરિત્ર સાંભળવામાં આનંદ માનનારા બની ગયા હતા. વિષયભોગો તેમને આનંદ ઉપજાવી શકતા ન હતા.

તે રાજાએ એ પ્રકારના ભક્તિયોગથી તથા સ્વધર્માચરણથી શ્રીહરિને પ્રસન્ન કરતાં કરતાં ધીમે ધીમે સર્વ સંગોનો ત્યાગ કરી દીધો હતો તેમજ પોતાના સર્વ વૈભવ અને ઐશ્વર્યને નશ્વર ગણી મિથ્યાબુદ્ધિ પ્રાપ્ત કરી હતી.

એક વખત રાજાએ ભગવાનનું આરાધન કરવા એક વર્ષનું દ્વાદશી વ્રત આરંભ્યું. એની રાણી પણ એટલી જ ધર્મિષ્ઠ હતી. એટલે એણે રાજાને તેના આ વ્રતમાં સહયોગ આપ્યો.

આ વ્રતના અંતે કાર્તિક માસમાં ત્રણ દિવસોના ઉપવાસ કરી, યમુના નદીમાં સ્નાન કરી, રાજાએ શ્રીહરિનું પૂજન

કર્યું. પછી બ્રાહ્મણોને જમાડી, તેમની રજાથી રાજા પારણું કરવા તૈયાર થયો. તેવામાં દુર્વાસા ઋષિ રાજાના અતિથિ તરીકે અચાનક આવી ચઢ્યા.

આથી રાજાએ પ્રેમપૂર્વક દુર્વાસામુનિનું પૂજન કર્યું અને ભોજન કરવા માટે વિનંતી કરી. મુનિએ રાજાનું નિમંત્રણ સ્વીકાર્યું અને ભોજન પહેલાં મધ્યાહ્ન સંધ્યા કરવા યમુના નદીને કિનારે ગયા.

સંધ્યા કરતાં ઋષિ બ્રહ્મધ્યાનમાં લીન થઈ ગયા. આ તરફ પારણું કરવાને માટે બારસની તિથિની હવે એક જ ઘડી બાકી હતી. એટલે અંબરિષ રાજા વિચાર કરવા લાગ્યો, "વ્રતનું પારણું પણ કરવું જોઈએ." તેમજ અતિથિની પહેલા ભોજન પણ ન કરવું જોઈએ. આ ધર્મસંકટમાં તેણે વિચાર કરી, ભગવાનનું ચિંતન કરી કેવળ જળનો આહાર કરી વ્રતનું પારણું કરી લીધું. કારણ કે જળનો આહાર ભોજન કર્યા સમાન તેમ જ ભોજન ન કર્યા સમાન લેખાય.

તેટલામાં દુર્વાસાઋષિ નદીકિનારેથી આવી પહોંચ્યા. તે ખૂબ ભૂખ્યા થયા હતા. રાજાએ પોતાના વ્રતનું પારણું કરી લીધું છે, તે જાણી તેઓ ખૂબ જ ગુસ્સે થયા. તેમણે કહ્યું, "અતિથિને ભોજન માટે નિમંત્રણ આપ્યા બાદ તેની પહેલાં જ તેં ભોજન કરી લીધું છે, માટે લાવ તને તેનું ફળ ચખાડું." એમ કહી તેઓએ પોતાની જટા ખુલ્લી કરીને પ્રલયકાળના અગ્નિ જેવી એક કૃત્યા ઉત્પન્ન કરી ને રાજા પ્રત્યે મોકલી.

પણ રાજા તો શાંતિથી સ્થિર જ ઊભો રહ્યો. તે વખતે, ભવગાનનું સુદર્શન ચક્ર અંબરિષની રક્ષામાં રહેતું હતું, તેણે કૃત્યાને બાળી નાખી. અને પછી તે દુર્વાસાને બાળવા માટે ધસ્યું.



ભગવાનના પ્રતાપી ચક્રને પોતાની તરફ આવતું દેખી દુર્વાસા ભયભીત થઈ નાસવા લાગ્યા. પરંતુ કોઈપણ સ્થાન તેમણે ભગવાનના ચક્રથી સુરક્ષિત ન જોયું. તેઓ પ્રથમ તો બ્રહ્માને શરણે ગયા. તેમણે પણ ભગવાનના ચક્રની ગતિને પાછી વાળવાની પોતાની અશક્તિ બતાવી.

આથી તે ભગવાન શંકરને શરણે ગયા. તેમણે પણ તેવો જ જવાબ આપ્યો; તથા ભગવાન વિષ્ણુને જ શરણે જવાની સલાહ આપી. આથી થાકીને દુર્વાસા ભગવાન શ્રીવિષ્ણુને શરણે ગયા.

ભગવાને તેમને કહ્યું. "હે બ્રહ્મન્, હું તો ભક્તને આધીન છું તેથી અસ્વતંત્ર જેવો છું. માટે જેનાથી આ દુઃખ તમને થયું છે; તેની પાસે જ જાઓ અને તેની ક્ષમા માગો. સંત પુરુષો ઉપર વાપરેલું બળ; એ બળ વાપરનારનું જ અમંગળ કરે છે. તપ અને વિદ્યા બન્ને બ્રાહ્મણોનું કલ્યાણ કરનારાં છે, પણ ઉદ્ધત ને ક્રોધી બ્રાહ્મણને તો તે બન્ને અનર્થકર્તા જ થઈ પડે છે."

ભગવાનની આવી વાણી સાંભળી, ચક્રથી બળતરા પામતા દુર્વાસા છેવટે અંબરીષ રાજાને શરણે આવ્યા; અને તેમનાં ચરણોને વળગી પડયા. આથી રાજા અત્યંત શરમાઈ ગયો.

એ પછી રાજાએ જ સુદર્શન ચક્રની શાંતિ માટે સ્તુતિ કરી.

"જો જીવનમાં મેં નિષ્કામભાવે જરા જેટલું પણ દાન કર્યું હોય; યજ્ઞ કર્યા હોય કે સ્વધર્મનું સ્વલ્પપણ પરિપાલન કર્યું હોય; અને અમારા કુળમાં જો બ્રાહ્મણોને જ આરાધ્યદેવ માનવામાં આવ્યા હોય, તો દુર્વાસા મુનિની બળતરા મટી જાય અને એમની શાંતિ સહજ થાય."

"સર્વ સદ્‌ગુણોના સમુચ્ચય સરખા, પ્રકૃતિના અધીશ્વર

ભગવાનનું દર્શન જો મેં સર્વ પ્રાણીના અંતરાત્મારૂપે કર્યું હોય અને એ પરમ કૃપાળુ ભગવાન મારા પર પ્રસન્ન હોય તો દુર્વાસા મુનિની બળતરા મટી જાય."

અંબરીષની પ્રેમપૂર્ણ પ્રાર્થનાના પ્રતાપે સુદર્શન ચક્ર સંપૂર્ણ શાન્ત પડ્યું ને દુર્વાસા મુનિની બળતરા પણ મટી ગઈ. આથી એમનો રહ્યોસહ્યો અહંકાર એકદમ ઓગળી ગયો. એમને દિવ્ય દૃષ્ટિની પ્રાપ્તિ થઈ. તેને લીધે તેઓ અંબરીષના મહિમાને સારી રીતે સમજી શક્યા.

તે પછી અંબરીષે દુર્વાસાને વિવિધ પ્રકારે પ્રસન્ન કરીને ભોજન કરાવ્યું. ત્યાર બાદ પોતે ભોજન કર્યું.

અહીં દુર્વાસાની અસાધારણ શક્તિ પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં શુકદેવજી કહે કે દુર્વાસાએ અંબરીષ રાજા પાસેથી વિદાય લઈ આકાશ માર્ગથી બ્રહ્મલોક તરફ પ્રયાણ કર્યું."

દુર્વાસા ઋષિમાં કેવી અસાધારણ દૈવી શક્તિ હતી એનું દર્શન એમાં થાય છે. આમ છતાં તેઓ રાજા અંબરીષ ઉપર, જરૂરી માહિતી મેળવ્યા વિના, અકારણ ક્રોધ કરી બેઠા.

ભાગવત્ એ ક્રોધના દૃષ્ટાંત દ્વારા બતાવવા માગે છે કે આકાશગમન જેવી સિદ્ધિઓવાળા મહામુનિ ને યોગી પણ મન ઉપર સિદ્ધિ ના સાંપડી હોય તો નાની કે મોટી વાત-માં ક્રોધ કરી બેસે છે. સૌથી મોટી સિદ્ધિ તો આત્મસિદ્ધિ છે; અને એ ઈશ્વરની પ્રેમભક્તિના પરિણામે ઈશ્વરની કૃપાથી સાંપડી શકે છે રાજા અંબરીષ એ સિદ્ધિથી સંપન્ન હોવાથી છેવટ સુધી શાંત રહ્યા.

માનવે પણ મન અને ઇન્દ્રિયોનો સંયમ કરીને એવી સિદ્ધિ ને શાંતિથી સંપન્ન બનવાનું છે. ભક્ત અંબરીષનો પ્રસંગ આપણને એ માટેની પ્રેરણા પૂરી પાડે છે.

(શ્રીમદ્ ભાગવતના આધારે)



## નહીં પૂછો

નહીં પૂછો, જવાનું ક્યાં? તહીં ક્યારે પહોંચાશે?
સુણીને વાત મારી સૌ તમારાથી ન રે'વાશે!

અમે પીધાં છે આશક થઈ સુરજ ને ચંદ્રનાં અમૃત,
નશીલી એ ઘડીઓની, જવા દો, વાત થઇ જાશે!

ગયા રસ્તે મળી અમને પડછંદ એક જાદુગર,
નિહાળો તો તમારાયે સહુ દર્દો મટી જાશે!

બતાવ્યા એવા જાદુ કે સ્વર્ગો પણ ફીકા લાગ્યા,
ચરણનાં તીર્થ પાવન તો હવે મંઝિલ થઈ જાશે!

તિમિર ને તેજની લીલા બતાવી એવી અદ્ભુત કે
પડળ ખૂલી ગયાં દર્શન હવે નિર્મલ થઇ જાશે!

ગમે કે ના ગમે જગને અમને ખૂબ ગમે છે એ,
અમારી ઉર સિતારીને મધુર સૂર તો મળી જાશે!

દિવાના છો કહે દુનિયા, હવે ચિંતા નથી કાંઈ,
ફના થાશું નહીં તો કોણ હવે અમ પર ફીદા થાશે?

શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલ

## વિનતિ

મને સાથે રાખો (૨)
શ્યામ સુંદર ભગવાન
સદા મને શાંતિ આપો.
પ્રભુ દ્વારે સદા કાજ પહેરો ભરૂં,
નિત્ય સેવક બનીને સેવા કરૂં,
દિવ્ય દર્શન પામી ધન્ય બનું. મને...

પ્રેમપૂજાનું પાવનપુષ્પ બનું,
પ્રભુચરણોની નિર્મલ ધૂલિ બનું,
મારા દેવોના દેવ, એક તમને ગણું. મને....

મને પળપણ છૂટી કરશો નહીં,
સરિતાને સમાવજો સાગર મહીં,
એવી અંતરતમથી અરજી ધરૂં. મને...

સર્વેશ્વરી



## —પિછાણજો—

સાચા સ્વ-રૂપને શોધજો રે ભાઈ,
આતમ પરમાતમ પિછાણજો.
બિન્દુમાં સિન્ધુને પેખજો રે ભાઈ,
આતમ પરમાતમ પિછાણજો.
બ્રહ્મને પરમાણુમાં ભાળજો રે ભાઈ,
આતમ પરમાતમ પિછાણજો.
જીવમાં તો શિવને સંદર્શજો રે ભાઈ,
આતમ પરમાતમ પિછાણજો.
બીમાં બ્રહ્મ-વડલાને ઝાંખજો રે ભાઈ,
આતમ પરમાતમ પિછાણજો.
મીઠામાં સબ-રસ સેવજો રે ભાઈ,
આતમ પરમાતમ પિછાણજો.
સર્વ દેહે દેહી એક દેખજો રે ભાઈ,
આતમ પરમાતમ પિછાણજો.
ચિત્-તણખે ચિદાનન્દ ચક્ષજો રે ભાઈ,
આતમ પરમાતમ પિછાણજો,
શેરડીમાં સકકરને શોધજો રે ભાઈ,
આતમ પરમાતમ પિછાણજો.
જીવેજીવમાં પરબ્રહ્મ ઈક્ષજો રે ભાઈ,
આતમ પરમાતમ પિછાણજો.
કણેકણથી રામ-કૃષ્ણ કર્ષજો રે ભાઈ.
આતમ પરમાતમ પિછાણજો.
હુંમાં, તુંમાં તેને બધા બૂઝશો રે ભાઈ,
આતમ પરમાતમ પિછાણજો.

ડૉ. અશ્વિન પટેલ

# मंगल प्रभातम्

ભૂપતરાય મો. ઠાકુર 'ઉપાસક'

માનવીની ઝંખના રહી છે 'ઊંડે અંધારેથી પ્રભુ પરમ
તેજે તું લઇજા' અને આ તડપનને સંતોષે છે સવાર,
રાત્રિના નિબિડ અંધકાર પછી ઉજાસ અને તાજગીપૂર્ણ
સવાર સાંપડે છે. અર્ધ મૃત્યુના આશ્લેષમાંથી પૂર્ણ ચેતના-
નું પ્રભાત મળે છે. સ્વપ્નમાં ખોવાયેલી વાસ્તવિકતાની સીમા
પર સૂર્ય પોતાનો પ્રકાશ પાથરે છે. અંધકારના અસ્તિત્વને
નિર્મૂલ કરે છે પ્રકાશ, પ્રકાશ આપણો પરમ પિતા છે.

માણસને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ
જવાની, મૃત્યુના પાશમાંથી જીવનની મુક્તિ તરફ જવાની,
બિન્દુમાંથી સિન્ધુ થવાની, જીવમાંથી શિવ થવાની એક
અદમ્ય ઇચ્છા રહેલી છે, સવાર પડે છે અને અંધકાર દૂર
થાય છે. ગુરુ મળે અને જ્ઞાન મળે છે અને જ્ઞાન મળે અને દિવ્યતા
પ્રગટે છે, ચાવી મળે છે અને કોષ ખુલે છે. જ્ઞાન મળે છે
અને જીવન મળે છે.

સવાર પુરુષાર્થની છડી પુકારે છે સવાર લાવે છે કર્મ-
યોગ. પ્રમાદની પકડમાંથી કર્તવ્યની કેડી મળે છે. તાજગી-
ભર્યા શરીર અને મગજને કામની શક્તિ અને પુષ્ટિ મળે છે.
અંગેઅંગમાં ચેતના પ્રગટે છે, અણુએ અણુમાં જીવન-રસ
ધબકવા લાગે છે. લોહીના કણેકણમાં કર્તવ્યની-ફરજની
જાગૃતિ આવે છે. उठ जाग मुसाफिर भोर भई अब रैन
कहाँ जो सोवत है । માં ભાગ્યને જગાડવા નશીબને ઢંઢો-
ળવા પુરુષાર્થની હાકલ છે 'જે સુએ છે, તે ગુમાવે છે'
અથવા 'न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ।



દ્વારા કર્મની આવશ્યક્તા દર્શાવી છે. સવારના સોનાવરણા
કિરણો કર્મયોગનું ઉદ્ઘાટન કરે છે.

સવાર થાય છે અને પ્રકાશનો પુંજ સૂર્ય રથમાં સવાર
થઇને આવે છે. પક્ષીઓ હરખ ઘેલાં થઇને સૂર્યની છડી
પુકારે છે. પ્રકૃતિ પુલકિત થઇ ભાનુદેવનું સ્વાગત કરે છે.
માણસ પણ तत सवितुर वरेण्यम् । કહીને વંદે છે. સવાર
પડે છે અને કર્તવ્યનું ભાન-સ્મરણ થાય છે. કળી ફૂલ બની
સ્મિત રેલે છે.

સવાર એટલે પોતાના હોવા વિષેનું પૂર્ણ સ્મરણ-જાગૃતિ.
પોતાને ઓળખવાનો અવસર. દોરડાને સાપ સમજનારા ને
વાસ્તવિક્તાની સામે ઝઝુમવાની શક્તિવર્ધક ક્ષણો સવાર
લાવે છે સ્વયંનું પ્રગટીકરણ, સ્મરણ અને પુનઃ જીવન અંધ-
કારમય નિરાશાને દૂર કરી આશાનો સૂર્ય ઉગે છે, એક
પ્રકારની આત્મશક્તિને પ્રગટાવવાની પળો પ્રાપ્ત થાય છે.

વિશ્વનિયંતાની માનવજાત પ્રત્યેની મમતાનું મૂલ્ય
આપણે ક્યારેય આંકી શકીશું નહીં. આખી રાત્રિ દરમ્યાન
આપણને જાળવનાર, જીવાડનાર અને જગાડનારનો આપણે-
ક્યારેય હૃદયપૂર્વક આભાર માન્યો નથી. માનવી પ્રકૃતિનો
પરમ અંશ છે. પનોતો અંશ છે શ્વાસોશ્વાસના ધબકાર
અને નાડીના થડકારના ક્રમને સંભાળનાર-ચાલક-પ્રકૃતિનો
આપણે ક્યારે આદર કરીશું ?

નવી આભા નવી ચેતના, નવું જીવન, નવી શક્તિનો
પ્રસાદ લઇને પ્રભાત ઉગે છે માનવજાતના અને સમસ્ત સમ-
ષ્ટિના કલ્યાણ માટે સૂર્ય પોતાના રશ્મિઓ પાથરે છે.
જીવનનો એક અમૂલ્ય મોંઘેરો અનેરો દિવસ આપે છે સવાર.
આવો આપણે સવારને વધાવીએ...मंगल प्रभातम् કે good
morning તો કહીએ !

# સમૃદ્ધ જીવન

જે. વી. શાહ

જીવનને સમૃદ્ધ બનાવવા ઈચ્છનારે બાહ્ય નિર્ધનતા ઉપર વિજય મેળવાતાં પહેલાં મનની નિર્ધનતા પર વિજય મેળવવો જોઈએ, કારણ કે સાચી સમૃદ્ધિ મનની સમૃદ્ધિથી જ પ્રાપ્ત થાય છે.

આપણી અંદર અખૂટ શક્તિ પડેલી છે, પણ આપણામાં- ના મોટા ભાગના માણસો પોતાની આ શક્તિઓને જાણતા નથી. અને પોતાની જાતમાં અવિશ્વાસને કારણે તેમને ગુમાવી બેસે છે.

સાચી સમૃદ્ધિનો પ્રવાહ હંમેશાં પસન્ન મન વગર પ્રાપ્ત થતો નથી. એટલે સૌ પ્રથમ મનને પ્રસન્ન રાખતાં શીખવું જોઈએ. એટલા માટે આપણે આપણા હૃદયને સમૃદ્ધિના- સ્વાગત માટે પ્રસન્ન રાખવું જોઈએ. મનમાંથી નિર્ધનતાના, નિરાશાના વિચારોને દૂર કરવા એ સમૃદ્ધ થવાનું પહેલું પગથિયું છે.

ભોગ આપ્યા વગર કોઈ મહાન કાર્ય સિદ્ધ થતું. નથી. અંધકાર એ અસ્થિર છાયા છે, અને પ્રકાશ સ્થાયી વસ્તુ છે. તેવી રીતે દુઃખ અસ્થિર અને આનંદ ચિરસ્થાયી છે. **નાભાવો વિદ્યતે સતઃ ।** કોઈ સાચી વસ્તુનો કદી અભાવ થઈ શકતો નથી.

દુઃખ, આપત્તિ, મુશ્કેલી કાયમ રહેતી નથી જ. એ જે રીતે આવે છે તે રીતે ચાલી પણ જાય છે જ.

" માનવી પોતે જ પોતાનાં કેટલાંક સુખ કે દુઃખનો જન્મદાતા છે. માનવી જ્યારે પાપ અને આસક્તિનો ત્યાગ



કરે છે ત્યારે દુઃખનો પડછાયો દૂર થઈ જાય છે. અને હૃદય અવિનાશી આનંદથી ભરાઈ જાય છે.

અન્યના ભલામાં, અન્યની સેવામાં તમે તમારી સ્વાર્થી ઇચ્છા જેટલા પ્રમાણમાં ભૂલી જશો એટલા પ્રમાણમાં તમે આનંદ પ્રાપ્ત કરી શકશો; કારણકે તમારા વ્યક્તિગત 'સ્વ' નું તમે તેથી વિસ્તરણ કરો છો. જ્યારે નિઃસ્વાર્થ પ્રેમનો દિવ્ય પ્રકાશ ફેલાશે, ત્યારે ચારે બાજુ ઉલ્લાસ પથરાઈ જશે. ત્યારે હૃદય આનંદથી ભરાઈ જશે, તમારી જાતમાં શ્રદ્ધા રાખો, ઈશ્વર પર આસ્થા રાખો ને પરિશ્રમ કરવામાં પાછુ વાળી જોશો નહિ. આપત્તિ આવે એવું કશું જ થવાનું નથી. અને ધારો કે દૈવવશાત્ આપત્તિ આવે તો પણ ભય રાખવાનું કોઈ કારણ નથી. આપત્તિ મુશ્કેલી કશી કાયમ રહેતી જ નથી, કુદરતનો આ શાશ્વત નિયમ છે. ભાવિના કાલ્પનિક ભયને છોડો. વર્તમાનનો આનંદ જેટલો મણાય તેટલો માણો.

આમ કરતાં તમારા જીવનની ફુલવાડી કોઈ અનેરી સુવાસથી મહેંકી ઉઠશે અને સમૃદ્ધિ મેળવવાનો માર્ગ મોકળો બનશે.

કામે લાગી જશો તો તમારામાં એવી જબ્બર શક્તિ આવશે જેનો તમોને ખ્યાલ પણ નહિ આવે. અન્યને માટે કરેલું અલ્પ કામ પણ અંદર રહેલી શક્તિને જાગૃત કરે છે. બીજાનું જરાકે ભલુ કરવાની ઇચ્છાથી ધીરે ધીરે હૃદયમાં અખૂટ બળનો સંચાર થાય છે. અને જીવન વધારે ને વધારે સમૃદ્ધિ તરફ પ્રયાણ કરે છે.

સુખ મનવાંછિત વસ્તુની પ્રાપ્તિમાં નથી, પરંતુ તમારી પાસે જે સાધનો છે, તે તમારા ભાગ્ય પ્રમાણે પ્રભુએ આપેલાં છે, ને એ પુરતા છે એમ માનવામાં છે. એવા

સંતોષથી જ શાંતિની સંપ્રાપ્તિ થઇ શકશે. અને જીવનમાં સાચી આત્મિક શાન્તિ અનુભવાશે.

જે નથી તેનો અફસોસ ન કરતાં, જે કાંઇ ભાગ્યવશાત પ્રભુએ આપ્યું છે એમાં સંતોષ માનો. તે સુખી થવાની ચાવી છે.

---

**પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનો વિદેશ કાર્યક્રમ**

કેટલાક ભાવિક સાધકો તરફથી પ. પુ. મહાત્મા શ્રી-યોગેશ્વરજીની વિદેશયાત્રાના અનુસંધાનમાં પૃચ્છાઓ થતી રહે છે.

તેઓશ્રી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના પ્રવાસ કાર્યક્રમની વિગતવાર માહિતી નથી પરંતુ તેઓશ્રી ઓકટોબર '૮૧ના અધવચ્ચે કેનેડા પધારવાની છે. તેઓશ્રીનું કેનેડાનું સરનામું નીચે પ્રમાણે રહેશે.

C/o SURESH M. SHAH.
374, DRIFTWOOD AVENUE No-5
DOWNSVIEW ONT
M3N-2P5. CANADA.

ઓગસ્ટ અને સપ્ટે. ૮૧ દરમ્યાન પૂ. શ્રી. યોગેશ્વરજીએ ઇંગ્લેન્ડના રગ્બી, પ્રેસ્ટન, લેસ્ટર, વગેરે શહેરો ને પરાંઓમાં પોતાનાં શ્રીમદ્ ભગવદ્ગીતા અને રામાયણ પર પ્રવચનો આપ્યાં છે, જે ખૂબ લોકપ્રિય બન્યાં છે.



# નારેશ્વરના પરમ સંત શ્રીરંગ અવધૂતનો કૃપાનુભવ.

—વિજયસિંહ રાણા.

ગુજરાતની પવિત્ર નદી નર્મદાના તટપ્રદેશ પર આવેલ નારેશ્વરમાં નિવાસ કરતા સંત પૂ. શ્રી. રંગ અવધૂત મહારાજની કૃપાનો આ મારો અનુભવ ૧૪ વરસ પહેલનોાં છે. પરંતુ તે વખતે એ કૃપાને યથાર્થ રીતે સમજાવવાની દૃષ્ટિ પૂરેપૂરી વિકસી ન હતી. આજે એ સારી રીતે સમજાય છે.

વડોદરામાં રહેવા છતાં અમે તે વખતે નારેશ્વર તેમજ તેમાં વિરાજતા સંત શ્રી રંગ અવધૂતથી લગભગ અજાણ જેવાં હતાં.

એ દિવસોમાં અમારે ત્યાં સૌરાષ્ટ્રના અમારા મિત્ર તેમનાં પૂ. માતુશ્રી સાથે આવ્યા; જેમની ઇચ્છા શ્રી રંગ અવધૂત મહારાજશ્રીના દર્શન કરવાની હતી. એટલે તેમની સાથે અમારે નારેશ્વર જવાનું બન્યું.

નારેશ્વરમાં પહોંચતાં ઉતારાની વ્યવસ્થા અંગે ત્યાંના સંચાલક સાથે મારે થોડી બોલચાલ થઈ. તે પછી જગા મળી.

ત્યાં ઉતર્યા પછી નિયમ મુજબ પ્રાતઃસ્નાન નર્મદામાં કરી આરતી આદિમાં ભાગ લઈ પૂ. શ્રી. રંગ અવધત મહારાજશ્રીનાં દર્શન કર્યાં. પૂ. શ્રી. એ આજ સ્થળે સાધના કરેલ તેથી બધી જગ્યા ફરીને અમારી સાથે આવેલ મહેમાનોને બતાવી. નદીતટ પ્રદેશ પરના એ સુંદર શાંત સ્થળનાં વાતાવરણ અને ત્યાંના વાયુમંડળના પવિત્ર પરમાણુઓથી અમો સહુને ખૂબ આનંદ થયો.

પાછા ફરવા માટે નારેશ્વરથી સવારે ૧૧ વાગે બસ ઉપડતી. પરંતુ બસ સ્ટેન્ડ ઉપર પહોંચ્યાં તો દોઢસોથી બસો માણસોની ભીડ એક બસમાં કેમે કરી સમાય નહિ એટલાં માણસો.

આમ છતાં બસ આવી ત્યારે ડ્રાયવરની કેબીનમાંથી ચઢીને માંડ માંડ જગા તો મેળવી. પરંતુ બેઠાં પછી યાદ આવ્યું કે ઉતારા ઉપર એક સ્ટીલનો પ્યાલો ભૂલી ગયા છીએ એટલે તે લેવા નીચે ઉતરવું પડ્યું. આથી બસમાં સામાન રહેવા દઈ, મિત્રને ભળાવી અમે પ્યાલા માટે ગયાં. પાછાં આવ્યાં તો બસમાં કોઇ હિસાબે પેસાય તેવી, જગાજ નહિ. શું કરવું ? ડ્રાયવરને વિનંતી કરી. જણાવ્યું “ અમારો સામાન અંદર છે. અમને લીધા પછીજ બસ ઉપાડજો ” તેણે હા તો કહી, પરંતુ કોણ જાણે કેમ એણે બસ ઉપાડી મૂકી.

બસ ઉપડી જતાં અમને ભારે નિરાશા થઈ. ચિન્તા પણ સામાનની થઇ કારણ કે એ સામાન સાથે મારાં પત્નીએ પોતાનું પૈસાનું પાકીટ પણ રાખ્યું હતું. એનું શું થશે ? એ વિચાર પણ આવવા લાગ્યો.

ઉનાળાના દિવસો હતા. ગરમી તો કહે મારું કામ. અમારી સાથે નાનું બાળક પણ હતું. હવે પછી બસ એક વાગ્યાની હતી. પરંતુ તે વડોદરા શહેરમાં નહોતી જતી. સીધી હાઇવે ઉપરથી જતી. એટલે ત્યાંથી પાછી શહેરની બીજી બસ પકડવાની

આ બસમાં માંડ ઊભા રહેવાની જગા મળી. મારી પાસે જે થોડી રકમ હતી તેમાંથી ટિકિટ કઢાવી. પરંતુ બસમાં ગીરદીનો પાર નહિ. આથી અમારું બાળક ખૂબ અકળાય અને રડે. એને ખૂબ ગરમી લાગે. પરંતુ બીજો ઉપાય શું ? આ પરેશાનીને લીધે મનમાં વિચાર પણ આવી ગયો કે હવે



ફરી અહીં આવવું નહિ.

કલાકની આવી કંટાળા ભરેલી મુસાફરી પછી હાઈ વે ઉપર ઉતર્યાં ને ત્યાંથી વડોદરાની બસ મળતી હતી તે સ્ટેન્ડ દોઢ કિલોમીટર છેટું હતું. ત્યાં ખરા તડકામાં ચાલતા પહોંચ્યાં ત્યારે પસીને રેબઝેબ થઈ ગયા હતા. મનમાં થતું, “ ઓ પ્રભુ, આ કેવી તકલીફ ! ”

આખરે વડોદરા શહેરવાળી બસ આવી. તેમાં ચઢતાં પહેલાં ટિકિટ લેવાની હતી. મારાં પત્ની પહેલાં ચઢ્યાં ને મેં પૈસા કાઢવા ગજવામાં હાથ નાંખ્યો. તો આ શું ? ગજવું કપાઈ ગયેલું ! હાથ આરપાર નીકળી ગયો ! મેં કંડકટરને વિનંતી કરી જોઈ પણ તેણે માન્યું નહિ. આથી મેં મારા પત્નીને નીચે ઉતરી જવા બૂમ મારી. હવે વડોદરા કેમ પહોંચવું તે અમારે માટે મોટી સમસ્યા હતી !

ત્યાં તો બસમાં બેઠેલા એક ભાઈનો અવાજ આવ્યો. “ સાહેબ ચઢી જાઓ. આવા તાપમાં ક્યાં જશો ? ટિકિટના પૈસા હું આપું છું ”

માથે ફાટેલું ફાળિયું તથા મેલાંઘેલાં કપડાં પહેરેલી એ વ્યક્તિ સામે હું જોઈ રહ્યો. એણે રૂા. ૧૦, ની નોટ મારી સામે ધરી, ત્યારે મને એ કોઈ ગેબી દેવદૂત જેવો લાગ્યો !

હવે અમારા જીવમાં જીવ આવ્યો. પ્રભુનો મનોમન ખૂબ પાડ માન્યો, ને એ ભાઈનો તો ખરેખરો.

વડોદરા પહોંચીને એ ભાઇને એક ઠેકાણે બેસાડી. ઘરેથી પૈસા લેવા ઉપડયો. ઘરની ચાવી પણ પત્નીના પર્સમાં સામાન ભેગી હતી. એટલે પડોશમાંથી ચાવીઓ મેળવી માણ ઘર ઉઘાડયું.

પૈસા લઇને હું પેલા ભાઇને આપવા ગયો ત્યારે મેં તેને થોડી બક્ષીસ પણ આપવા માંડી. પણ તેણે તે ના લીધી.

તેણે કહ્યું "મેં કોઇ ઉપકાર કર્યો નથી. આપેલા પૈસા પાછા લીધા છે. આમાં ઉપકાર શો ?"

મેં પૂછ્યું "તમે શું કરો છો ?"

તેણે કહ્યું. "જૂનાં પગરખાં લઈ તેને રીપેર કરી વેચું છું. પ્રભુની દયાથી મારો વ્યવહાર બરાબર ચાલે છે."

મેં કહ્યું, "હું પૈસા પાછા આપવા આવ્યો ન હોત તો ?"

તેણે હસીને કહ્યું. "અરે, સાહેબ, તો દસ મિનિટ રાહ જોઈ જતો રહેત. માનત કે નસીબમાં એટલી રકમ નહિ હોય."

તેનો આ જવાબ સાંભળી મને એના પ્રત્યે ખૂબ માન થયું. કેવો સંતોષી આત્મા ! જાણે ભગવાનેજ અમારા માટે એનો ભેટો કરાવી દીધો !

મેં એને પ્રણામ કર્યા ને હું એને જતો જોઇ રહ્યો.

પછી મને અમારો સમાન યાદ આવ્યો. એની ચિન્તા પણ હતીજ ને ! મિત્રને ત્યાં જઇને જોયું. તો એણે બધોજ સામાન બરાબર સાચવીને ઉતારી લીધેલ. પેલું મારાં પત્નીનું પાકીટ પણ. આથી અમને ઘણી શાન્તિ થઈ.

પાછળથી આ ઘટના ઉપર વિચાર કરતાં એમ લાગ્યું કે બસની મુસાફરીમાંની અમારી પરેસાની-નારેશ્વરમાં પેલા વ્યવસ્થાપક સાથે જગાના પ્રશ્ને કરેલા દુર્વ્યહવારને પરિણામે તો નહિ હોય ! એની સ્મૃતિથી દુઃખ પણ થયું.

પરંતુ તે પછી નારેશ્વર પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના દર્શને જવાનું ઘણીવાર બન્યું. પ્રથમ મુલાકાતની તકલીફ છતાં, કોઈ આંતરિક ખેંચાણ થતું.

પૂ. શ્રી યોગેશ્વરજીના પરિચય પછી સંતોની કૃપા કેવી અહૈતુકી હોય છે એ વધારે સારી રીતે સમજતો થયો. એટલે લાગ્યું કે તે દિવસે ગામડીઆ મોચીના વેશમાં એણેજ આવીને મદદ નહિ કરી હોય એની શી ખાત્રી !



# રામકથા (૭)

**યોગેશ્વર**

## અદૃષ્ટનું આકર્ષણ

[ પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથાનો આ સાતમો હપ્તો છે. —તંત્રી ]

મિથિલા નગરીમાં ભ્રમણ કરતી વખતે રામ અને લક્ષ્મણ સ્વાભાવિક રીતે જ અનેક લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા.

લોકો એમની આજુ બાજુ કુતૂહલ પૂર્વક ટોળે મળવા માંડ્યા.

સ્ત્રીઓને એમના પ્રત્યે વિશેષ આકર્ષણ થયું.

ધીરે ધીરે લોકોને એમનો પરિચય થયો એટલે સ્ત્રીઓ અંદર અંદર વાતો કરતાં કહેવા લાગી.

'આ થોડાક મોટા ને શ્યામ દેખાય છે તે રામ અને નાના ને ગોરા છે તે લક્ષ્મણ. એમના ગુરુ મહર્ષિ વિશ્વામિત્ર સાથે એ સીતાના સ્વયંવરમાં આવ્યા છે.

"એ બંને અયોધ્યાના રાજા દશરથના પુત્રો છે. એ નગરને જોવા નીકળ્યા છે."

'મહારાજા જનકે એમને નહિ જોયા હોય ?

'ના કેમ જુએ ? એ પોતે તો મહર્ષિ વિશ્વામિત્રનું સ્વાગત કરવા ગયેલા.'

'તો પછી એ સ્વયંવરની યોજનાને હજુ પણ શા માટે વળગી રહ્યા છે ? સીતાને માટે રામ કરતાં વધારે સુંદર ને સુયોગ્ય બીજુ કોણ મળવાનું હતું ?

'અને ઉર્મિલાને માટે લક્ષ્મણ પણ એવા જ યોગ્ય લાગે છે. ઈશ્વરે રાજાની બંને કન્યાઓ માટે યોગ્ય ઉમેદવાર મોકલી આપ્યા છે. એટલે મને તો લાગે છે કે રાજા સીતાના સ્વયંવરની યોજનાને

પડતી મૂકશે. સ્વયંવર દ્વારા પણ એમનો ઉદ્દેશ તો સીતા માટે સુયોગ્ય વરને શોધવાનો જ હતો. તો ઈશ્વરે એવો વર આપોઆપ મોકલી આપ્યો છે. આવો સર્વોત્તમ વર સંસારમાં બીજે ક્યાં મળવાનો હશે ?

'રાજા રામને જોયા છતાં પણ હઠ કરીને પોતાની પ્રતિજ્ઞાને પકડી રાખશે તો ભારે અનર્થ થશે. મને નથી લાગતું કે રામ શંકરના ધનુષ્યને ઉંચકી શકે.'

'ના. એમાં તારી ભૂલ થાય છે. રામ અને લક્ષ્મણ ઉપરથી જોતાં આટલા બધા સુકોમળ દેખાય છે. પરંતુ મહાપરાક્રમી છે.'

'મહાપરાક્રમી હશે ત્યારે જ એમણે મહર્ષિ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરી હશે ને કહે છે કે એ યજ્ઞમાં ભંગ પાડવા આવેલા મહા બળવાન રાક્ષસો સુબાહુ તથા મારીચનો એમણે રમતાં રમતાં નાશ કરેલો. એટલે એ ધનુષ્યને ઊંચકીને સીતાને વરશે. એમાં મને તો લગાર પણ સંદેહ નથી લાગતો.'

'તારી ધારણા સાચી પડે તો તો ઘણું સારું થશે. નહિ તો એથી ઉલટું થશે તો મારા દુઃખનો પાર નહિ રહે.'

કોઈક કુમારિકાએ રામને જોઇ કહેવા માંડ્યું.

'સીતાની જગ્યાએ હું હોઉં તો તો સ્વયંવરને થવા જ ના દઉં. જે આવ્યા હોય એમને પાછા વાળું ને ધનુષ્યને ઉંચકવાની શરતને બાજુ પર મૂકીને રામને પતિ તરીકે પસંદગી કરી લઉં. સીતાએ હજુ રામને નહિ જોયા હોય, પણ જ્યારે જોશે ત્યારે એનું હૈયું પણ હાથમાં નહિ રહી શકે.'

'ધનુષ્ય ઉપાડવાની પ્રતીક્ષા કરતાં પહેલાં જ સીતા રામને વરમાળા ના પહેરાવી દે તો સારું.'

બીજા મહોલ્લાની સ્ત્રીઓ કહેવા લાગી :

'કેટલા બધા સુકુમાર અને સુંદર યુવાનો છે! બ્રહ્માએ એમને કોઈક ધન્ય ક્ષણે ઘડ્યા હોય એવું લાગ્યા કરે છે.



'જેવી સીતા છે તેવા જ સુંદર રામ છે અને જેવી ઉર્મિલા છે તેવા જ સરસ લક્ષ્મણ છે. બ્રહ્માએ એમને માટે જ એમને પ્રકટ કર્યા છે.'

'તેં પણ ઘણી સારી કલ્પના દોડાવી. રામ સીતાને માટે યોગ્ય છે અને લક્ષ્મણ ઉર્મિલાને માટે, એ હકીકત સાથે હું સંમત થાઉં છું, પરંતુ સ્વયંવર તો સીતાને માટે જ થઈ રહ્યો છે. ઉર્મિલાને માટે નથી થતો, એની તને ખબર નથી શું ?

'મહારાજા જનકને પહેલેથી ખબર હોત તો સીતાની સાથે ઉર્મિલાનો સ્વયંવર પણ કરી નાખત.'

'અરે, મને તો લાગે છે કે સ્વયંવર તો રામ તથા લક્ષ્મણને મિથિલા નગરીમાં બોલાવવા માટે જ યોજવામાં આવ્યો છે. એ તો એક યુક્તિ છે. હવે રામ તથા લક્ષ્મણ આવી પહોંચ્યા છે. એટલે રાજા જનક પોતાનું ધારેલું કરી નાખશે.'

આવા સુંદર કુમારોને નિહાળીને કોનું અંતર ના હરખાય ને ના આકર્ષાય !

રામ તથા લક્ષ્મણના મનમાં પણ જુદી જુદી જાતના ભાવ તરંગો પેદા થઈ ગયા. સીતાને નિહાળીને રામનું તેમજ ઉર્મિલાને નિહાળીને લક્ષ્મણનું અંતર અનુરાગથી આપ્લાવિત બની ગયું.

રામે રસ્તાપર ચાલતા કહી બતાવ્યું :

'સીતા કેટલી બધી સૌન્દર્યવતી છે ? એને જોઈ છે ત્યારથી કોણ જાણે કેમ મારી આંખ સામે એની મૂર્તિ જ રમ્યા કરે છે. અને એના જ વિચારો મનમાં ઉઠ્યા કરે છે. આવું તો મારા અત્યાર સુધીના જીવનમાં મને કોઈયે વાર નથી થયું. મનની આ પ્રવૃત્તિ શું નિરર્થક હશે કે પછી એની પાછળ કોઈ ગૂઢ રહસ્ય છુપાયેલું હશે ?

'મને તો લાગે છે કે મનની એ પ્રવૃત્તિ નિરર્થક ના હોઇ શકે.' રઘુકુલમાં જન્મેલા આપણી વૃત્તિઓ એમ તેમ પેદા ના થાય. એમની

પાછળ કોઈ ને કોઇ રહસ્ય જરૂર રહેલું હોય. અને એ રહસ્ય બીજું ક્યું હોય ? મને તો લાગે છે કે તમારું મન સીતા પ્રત્યે ખેંચાય છે. તેમ સીતાનું મન પણ તમારી પ્રત્યે જરૂર ખેંચાતું હશે. એ ભાવિ ઘટના ક્રમનું સૂચક છે. એટલે કે સ્વયંવરમાં ધનુષ્ય ભંગ કરીને તમે સીતાને પ્રસન્ન કરશો ને સીતા તમને જરૂર વરશે એવો મને વિશ્વાસ છે. સીતાને જોઈ ત્યારથી મારું અંતર એવું જ કહ્યા કરે છે.'

લક્ષ્મણના શબ્દો સાંભળીને રામ બોલ્યા :

'તારા અંતરનો એ ભાવ સાચો ઠરે એમ ઇચ્છું છું. મારા હૃદયને સીતાની સુંદરતા તો સ્પર્શી ગઈ છે. એના શીલ કે સંસ્કાર યુક્ત વર્તને પણ અસર કરી છે, પરંતુ એ બધા કરતાં પણ એની અંદર રહેલી કોઇક ન્યારી વસ્તુએ મારા પર પોતાની અમીટ છાપ પાડી છે. એ વસ્તુને લીધે જ સીતા મને ચિરપરિચિત લાગી. એની એની દૃષ્ટિ સાથે દૃષ્ટિ મળી ત્યારે મને થયું કે હું એને આજે જ જોઉં છું. છતાં પણ ઘણા લાંબા વખતથી ઓળખું છું. જાણે એ મારા પૂર્વ પરિચયમાં આવી ચૂકી છે. કોણ જાણે મને એવી લાગણી કેમ થઈ પરંતુ થઇ એ ચોક્કસ.'

'અને મને પણ ઉર્મિલાને માટે લગભગ એવી જ લાગણી થઇ રહી છે. આ હૃદય પણ કોણ જાણે ક્યા પદાર્થમાંથી બનાવ્યું છે, ને કેવું છે ? સ્વયંવર તો સીતાનો થઇ રહ્યો છે, કાંઈ ઉર્મિલાનો થોડો જ થવાનો છે ? છતાં પણ મને એના પ્રત્યે એવો પ્રેમભાવ થયા કરે છે !'

'રાજા જનકે રચવા ધારેલો સીતાનો સ્વયંવર તો જાહેર છે, એટલે સર્વ વિદિત છે. પરંતુ સ્નેહની દૈવી દુનિયામાં એવા અંગત ગુપ્ત સ્વયંવરો તો ક્ષણે ક્ષણે ન જાણે કેટલાય થયા કરે છે, ક્યાંક દૃષ્ટિ મળતાં તો ક્યાંક વચન સુણતાં, ક્યાંક ચિત્રનું અવલોકન કરતાં તો ક્યાંક પરિચય સાધતા, આત્માઓનું અદૃષ્ટ મિલન થાય છે.'

[ ક્રમશઃ ]

Regd. No. E/3261

# 'ADHYATMA'

A Spiritual Gujarati Monthly

## RATE-CARD

For Advertisements


For Advertisements on :

| | | Rs. |
|---|---|---|
| • Title page 2 and 3 | Full page | 250/- |
| | Half page | 125/- |
| • Title page 4 | Full page | 300/- |
| | Half page | 150/- |
| ( In two colours-40 P. C. extra ) | | |
| • Interior page - | Full page | 200/- |
| | Half page | 100/- |
| | Quarter page | 50/- |

For six or more insertions 10% discount on the above rates.



Founder :

**Mahatma shri Yogeshwarji**

President :

Sarva Mangal Charitable Trust

Maninagar, Ahmedabad. 380 008

Editor :

**Narayan H. Jani**

Administrative office.

Plot No. 1688 B, Sardarnagar Bhavnagar. 364 001 ( India )

Income Tax Exemption is also granted

Monthly is Published From Bhavnagar on 10th of every month.

Annual Subscription Rs. 15

Foreign Subscription Rs. 125 ( Airmail )

# ભક્તિની શક્તિ

ભગવાનની ભક્તિથી શું નથી થતું અથવા શું નથી મળતું ?

ભક્તિરૂપી કામધેનુના સેવનથી સઘળા શુભ હેતુ સિદ્ધ થાય છે. આ લોક અને પરલોકનો એવો કોઈ પદાર્થ નથી જેની પ્રાપ્તિ ભક્તિદ્વારા ના થાય. એને માટે કેવળ ભક્તની ઈચ્છા હોવી જોઈએ. ભક્તિ ભક્તને નિર્વાસનિક કે ઈચ્છારહિત પણ બનાવે છે, આત્મજ્ઞાન આપે છે, વૈરાગ્યને જગાવે છે ને વધારે છે. મનને સ્થિર અથવા એકાગ્ર કરે છે. સમાધિ બક્ષે છે. જુદી જુદી સિદ્ધિઓનું પ્રદાન કરે છે ને ભગવાન-નાં દૈવીદર્શનનો દેવદુર્લભ લાભ આપીને જીવનને પ્રસન્ન, પ્રશાંત, પરમપવિત્ર, પૂર્ણ, મુક્ત ને કૃતાર્થ કરે છે.

—યોગેશ્વર

રાધેશ્યામ પ્રિન્ટીંગપ્રેસ જગાકોકના ડેલામાં, લોખંડબજાર, ભાવનગર.